RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 301 Dt. 07-05-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# બંગાળમાં ભાજપ નેતા શુભેન્દુ અધિકારીના PAની હત્યા

## બાઈક સવારોએ સ્કોર્પિયો પર અંધાધૂંધ ૪ રાઉન્ડ ફાયરિંગ કર્યું : સનસનીખેજ: કોલકાતાના મધ્યમગ્રામમાં કાળી સ્કોર્પિયોને નિશાન બનાવી ગોળીબાર; ૧૨ વર્ષ જૂના વિશ્વાસુ સાથી ચંદ્રનાથ રથનું કમકમાટીભર્યું મોત

કોલકાતા, તા.૬

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદની રાજકીય હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. બુધવારે રાત્રે રાજ્યના દિગ્ગજ ભાજપ નેતા અને વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શુભેન્દુ અધિકારીના અત્યંત નજીકના ગણાતા પર્સનલ આસિસ્ટન્ટ (PA) ચંદ્રનાથ રથની ગોળી મારીને ઘાતકી હત્યા કરવામાં આવતા સમગ્ર રાજ્યમાં સનસનાટી મચી ગઈ છે. કોલકાતાના મધ્યમગ્રામ વિસ્તારમાં હુમલાખોરોએ રથની કારને નિશાન બનાવી અંધાધૂંધ ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જેમાં ગંભીર રીતે ઘાયલ થયેલા ચંદ્રનાથનું હોસ્પિટલ પહોંચતા પહેલા જ કરુણ મોત નીપજ્યું હતું.

ઘટનાની વિગતઃ કેવી રીતે ખેલાયો લોહિયાળ ખેલ? પ્રાપ્ત વિગતો અનુસાર, ચંદ્રનાથ રથ પોતાની કાળી સ્કોર્પિયો કારમાં સવાર થઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે મધ્યમગ્રામ પાસે નંબર પ્લેટ વગરની બાઈક પર આવેલા અજાણ્યા હુમલાખોરોએ તેમની કારને આંતરી હતી. કંઈ પણ સમજાય તે પહેલાં જ બદમાશોએ કાર પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. કારના કાચ પર ગોળીઓના નિશાન સાક્ષી પૂરે છે કે હુમલો કેટલો ભયાનક હતો. અંધાધૂંધ ચાર રાઉન્ડ ફાયરિંગ બાદ હુમલાખોરો નાસી છૂટ્યા હતા. લોહીલુહાણ હાલતમાં રથને નજીકની હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.





૧૨ વર્ષનો અતૂટ નાતો અને રાજકીય મહત્વ મૃતક ચંદ્રનાથ રથ છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષથી શુભેન્દુ અધિકારી સાથે પડછાયાની જેમ જોડાયેલા હતા. તેઓ માત્ર ઙ્અ જ નહીં, પણ શુભેન્દુ અધિકારીના તમામ રાજકીય પ્રચાર અભિયાનો અને મહત્વની રણનીતિઓના મુખ્ય સૂત્રધાર માનવામાં આવતા હતા. તાજેતરની ચૂંટણીઓમાં પણ તેમણે ગ્રાઉન્ડ લેવલ પર મોટી જવાબદારી સંભાળી હતી, જે કદાચ વિરોધીઓને આંખમાં ખૂંચતી હોવાનું મનાય છે.

ભાજપનો આક્રોશઃ 'TMC એ હારના ડરથી હત્યા કરાવી' આ હત્યાકાંડ બાદ બંગાળ ભાજપે સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસ (TMC) પર આકરા પ્રહાર કર્યા છે.

ભાજપના નેતાઓએ દાવો કર્યો છે કે ચૂંટણીમાં પરાજયના ડરથી અને ભાજપના વધતા પ્રભાવને રોકવા માટે ઝખઈ હવે નેતાઓના નજીકના કાર્યકરોની હત્યા કરી રહી છે. બીજી તરફ, પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને સમગ્ર વિસ્તારમાં નાકાબંધી કરી દેવામાં આવી છે.

## નીતીશના પુત્ર નિશાંતની મંત્રીમંડળમાં એન્ટ્રી, બિહારના પટનામાં

# PMની હાજરીમાં ૨૮ નેતા લેશે શપથ

નવી દિલ્હી, તા.૬

બિહારના પટનાના ગાંધી મેદાનમાં આજે ગુરુવારે સમ્રાટ ચૌધરીના નેતૃત્વવાળી ગઉઅ સરકારનો ભવ્ય શપથ ગ્રહણ સમારોહ યોજાવા જઈ રહ્યો છે, જેમાં અંદાજે ૨૭થી ૨૮ મંત્રીઓ શપથ લે તેવી શક્યતા છે. આ કાર્યક્રમની સૌથી વધુ ચર્ચા નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમારના મંત્રી તરીકેના શપથને લઈને થઈ રહી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર શપથ ગ્રહણ બપોરે શરૂ થશે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા સહિતના ટોચના નેતાઓ હાજર રહે તેવી શક્યતા છે.

અગાઉ સમ્રાટ ચૌધરીએ જ્યારે મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારે કાર્યક્રમ સાદગીપૂર્ણ યોજાયો હતો, પરંતુ આ વખતે મોટા શક્તિ પ્રદર્શન સાથે યોજવાની ચર્ચાઓ ચાલી રહી છે.

ગઉઅ ના ઘટક દળો વચ્ચે સંતુલન જાળવવા માટે ભાજપને ૧૨, જેડીયુને ૧૨, કઉંડ (રામવિલાસ)ને ૨ જ્યારે ઈઅખ અને છઙ્ઉંઉને ૧-૧ મંત્રી પદ મળે તેવું માળખું તૈયાર કરાયું હોવાનું મનાય છે. મંત્રીમંડળમાં ભાજપ તરફથી વિજય કુમાર સિંહા, મંગલ પાંડે, દિલીપ જાયસ્વાલ, શ્રેયસી સિંહ, રામ કૃપાલ યાદવ અને સંજય સિંહના નામ ચર્ચામાં છે. જ્યારે જેડીયુ કોટામાંથી શ્રવણ કુમાર, અશોક ચૌધરી, લેસી સિંહ, મદન સહની, જમા ખાં, સુનિલ કુમાર, શીલા મંડલ, રત્નેશ સદા અને નિશાંત કુમાર શપથ લઈ શકે છે. આ ઉપરાંત કઉંડ (છ) તરફથી સંજય સિંહ અને સંજય પાસવાન મંત્રી બની શકે છે. ગાંધી મેદાનમાં સુરક્ષા અને સ્ટેજની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

# યમુના નદીમાં હોડી પલટી જતા ૯ ના મોત, ૬ લાપતા

## યમુના નદીના સામા કાંઠે તરબૂચ ખાવા ગયા બાદ પરત ફરતી વખતે બની ઘટના

નવી દિલ્હી, તા.૬

ઉત્તર પ્રદેશના હમીરપુરમાં યમુના નદીમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. નદીમાં હોળી પલટી જવાથી ૯ લોકો ડૂબ્યા હતા જેમાંથી ૩ લોકોને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે ૬ લોકો હજુ પણ લાપતા છે. આ તમામ લોકો યમુના નદીના સામે છેડે તરબૂચ ખાવા ગયા હતા અને પરત ફરતી વખતે આ અકસ્માત નડ્યો હતો.ઘટનાની વિગત મુજબ, ભૌલી ગામના રહેવાસી શ્રીપાલની દીકરીના લગ્ન મંગળવારે હતા. બુધવારે દીકરીની વિદાય બાદ સાંજે મહેમાનો અને પરિવારના સભ્યો નદી કિનારે ફરવા નીકળ્યા હતા. ૯ વર્ષની રાની, ૯ વર્ષની આકાંક્ષા, ૨૫ વર્ષની બ્રજરાની, ૫ વર્ષની લવ્યાંશ, ૫ વર્ષનો ગોરેલાલ, ૧૧ વર્ષનો આદિત્ય, વિષ્ણુ, રિંકુ અને પારુલ હોળીમાં સવાર થઈને નદી ઓળંગી તરબૂચ ખાવા ગયા હતા.

ઘટનાને નજરે જોનારાઓએ કહ્યું કે, દુર્ઘટનાનું મુખ્ય કારણ હોળી ચલાવનારની બેદરકારી હતી.

તરબૂચ ખાઈને પરત ફરતી વખતે હોળી ચલાવી રહેલા વિષ્ણુના મોબાઈલ પર કોઈનો ફોન આવ્યો હતો. તે ફોન પર વાત કરવા લાગ્યો અને તેનું ધ્યાન ભટકતા હોળીનું સંતુલન બગડ્યું હતું, જેના કારણે તમામ લોકો નદીમાં ખાબક્યા હતા. વિષ્ણુ પોતે તરીને બહાર નીકળી ગયો હતો જ્યારે અન્ય લોકો ડૂબવા લાગ્યા હતા.બચાવ કામગીરી દરમિયાન ૧૪ વર્ષીય પારુલ અને રિંકુને સ્થાનિક લોકોની મદદથી બહાર કાઢી તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જોકે બે સગા ભાઈઓ સહિત ૬ લોકો હજુ પણ ગુમ છે. આ ઘટનાને પગલે ગામમાં ભારે શોક અને ઉત્તેજનાનો માહોલ છે.

લગ્નની ખુશીઓ માતમના માહોલમાં ફેરવાઈ ગઈ છે અને લાપતા લોકોના પરિવારજનોની હાલત ગંભીર છે.

ઘટનાની જાણ થતા જ એસડીએમ અભિષેક કુમાર અને સીઓ રાજેશ કમલ સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. વહીવટીતંત્ર દ્વારા સ્થાનિક ગોતાખોરોની મદદ લેવામાં આવી રહી છે અને વધુ બચાવ કામગીરી માટે ગઉછઋની ટીમને પણ બોલાવવામાં આવી છે. ઉચ્ચ અધિકારીઓ પણ સ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને લાપતા લોકોની શોધખોળ તેજ કરી દેવામાં આવી છે.



# CM ખાતમુહૂર્ત કરી ગયા છતાં રસ્તો તો બન્યો જ નહીં !

## જંગલેશ્વર મેગા ડિમોલિશનના બે માસ પછી રોડ રસ્તાના નામ નિશાન નથી ! ચૂંટણી પહેલાં મહાનગરપાલિકાએ જંગલેશ્વરમાં પોણા છ કરોડના ખર્ચે રસ્તો બનાવવાનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રીના હસ્તે કરાવી નાખ્યું પણ હજુ રસ્તાના નામ નિશાન નથી





રાજકોટ, તા. ૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૬માં આવેલા જંગલેશ્વર વિસ્તારમાં આજીનદી પટમાં ખડકાયેલા ૧૫૦૦ જેટલાં ગેરકાયદે બાંધકામો દુર કરવા માટે ગત ફેબ્રુઆરી મહિનાના અંતમાં માઈક્રોપ્લાનિંગ સાથે મેગા ડિમોલિશનના ઢોલ પીટ્યા પછી બે મહિના બાદ પણ જંગલેશ્વરની હાલત જૈસે થે જેવી છે. આશ્ચર્યજનક વાત તો એ છે કે, જંગલેશ્વરમાં રૂપિયા પોણા છ કરોડના ખર્ચે ટીપી રોડ બનાવવાની જાહેરાત કરી ચૂંટણી પહેલાં મુખ્યમંત્રીના હસ્તે રોડના કામનું ખાતમુહૂર્ત પણ કરાવી નાખ્યું છે આ પછી મહાનગરપાલિકા હજી વહિવટી પ્રક્રિયામાં જ ગોથાં ખાઈ રહી છે!

આજીનદી પટામાં ૧૫ મીટર ટીપી રોડ પર ખડકી દેવાયેલા આ બાંધકામોનુ મેગા ડિમોલિશન કરવા માટે મેન પાવર અને મશીન પાવર કામે લગાડી તમામ દબાણો દુર કરાયા છે. પણ પછી ટીપી રોડ બનાવવા સહિતની પ્રાથમિક સુવિધા આપવા માટે તંત્ર પાણીમાં બેસી ગયું છે.. મહાનગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે ભાજપએ વોર્ડ નં.૧૬ની તમામ ચાર બેઠકો ગુમાવી છે. આ માટે જંગલેશ્વર ડિમોલિશન જવાબદાર ગણાવાય છે. પણ ડિમોલિશન બાદ રોડ રસ્તા સહિતની સુવિધા આપવામાં તંત્રની નિષ્ફળતા પણ એટલી જ જવાબદાર છે. ફેબ્રુઆરીના અંતમાં ડિમોલિશન થયા બાદ મહાનગરપાલિકાના વહિવટીતંત્ર પાસે ચૂંટણીની આચાર સંહિતા સુધીનો સમય હતો. આ સમયગાળા દરમિયાન પણ તંત્ર ૧૫ મીટર રોડ બનાવવા કે ડિમાર્કેશન કરવામાં નિષ્ફળ રહ્યું છે. ડિમોલિશન બાદ વોર્ડ નં.૧૬ની જંગલેશ્વરની પ્રજા સુવિધા ઝંખતી હતી પણ તંત્ર પ્રજાની અપેક્ષા પુરી કરવામાં સદંતર નિષ્ફળ નીવડ્યું છે એ એક કડવી વાસ્તવિકતા છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૬માં આવેલા જંગલેશ્વર વિસ્તારમાં આજી નદી પટામાં ૧૫ મીટર રોડ દબાવીને ખડકાયેલા ૧૫૦૦ જેટલાં કાચા પાકા મકાનો દુર કરવા માટે લાંબા સમયથી પ્રયાસ કરવામાં આવતો હતો. પણ, તેમાં સફળતા મળતી નહોતી. કમિશનર તુષાર સુમેરાએ આ થોકબંધ દબાણો ઉપર એક સાથે જ બુલડોઝર ફેરવવા માટે બીડું ઝડપીને સતત ત્રણ દિવસ સુધી મેન પાવર અને મશીનરી પાવર કામે લગાડીને જંગલેશ્વરમાં મેગા ડિમોલિશન કોઈપણ મોટી ઘટના કે વિરોધ વગર સફળતાપુર્વક પાર પાડ્યું હતુ. પણ આ પછી અધિકારીઓ પાણીમાં બેસી ગયા હોય તેમ ડિમોલિશનને બે મહિના જેવો સમય પસાર થઇ ગયો હોવાછતાં હજી સુધી વોર્ડ નં.૧૬ના નાગરિકોને ૧૫ મીટર રોડની સુવિધા આપવામાં નિષ્ફળ રહ્યા છે. તંત્ર સામેની આ નારાજગી નાગરિકોએ ભાજપ વિરૂધ્ધ મતદાન કરીને વ્યક્ત કરી છે. અને ભાજપ ઉપર મતદાનરૂપી બુલડોઝર ફેરવીને કોંગ્રેસની પેનલને વિજયમાળા પહેરાવી છે. ત્યારે માત્ર ડિમોલિશન જ નહીં પણ ડિમોલિશન બાદ સુવિધા આપવામાં નિષ્ફળ નીવડેલું તંત્ર પણ ભાજપના પરાજય માટે એટલું જ જવાબદાર હોવાનું મતદારો કહી રહ્યા છે.

મહાનગરપાલિકા દ્વારા તા. ૨૨ ફેબ્રુઆરીએ ઓપરેશન જંગલેશ્વર હાથ ધરાયું હતું. આ પછી મહાનગરપાલિકાની ચૂંટણીની આચાર સંહિતા જાહેર થાય ત્યાં સુધીનો સમય મહાનગરપાલિકાના તંત્ર પાસે હતો. પણ તંત્ર ન તો ૧૫ મીટર રોડ માટે કોઇ કામગીરી કરી શક્યું છે કે ન તો, જંગલેશ્વરમાંથી કાટમાળ સંપુર્ણપણે દુર કરી શક્યું છે. જે સ્થળે ડિમોલિશન થયું તે તમામ સ્થળે હજી બાંધકામ વેસ્ટના ઢગલાં પડેલા છે. મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનજેમેન્ટ શાખા તમામ કાટમાળ દુર કરીને જંગલેશ્વરને મેદાન કરી નાખ્યાનો પોકળ દાવો કરી રહી છે. વાસ્તવમાં તો ડિમોલિશન બાદ એક પણ અધિકારીએ જંગલેશ્વરની સ્થિતિ જોવા માટે સ્થળ મુલાકાત લીધી નથી.

ડિમોલિશન પહેલા જ મહાનગરપાલિકાએ જંગલેશ્વરમાં ૧૫ મીટરના રોડ સહિતની કામગીરી માટે જે વહિવટી કામગીરી કરવી જોઇએ તે તૈયાર રાખવામાં આવી નહોતી. આવી જ રીતે, જે ૧૫ મીટર રોડ બનાવવા માટે મેગા ડિમોલિશન કરાયું છે તે રોડ બનાવવા માટે જરૂરી ડિમાર્કેશન કરવા, લેવલિંગ કરવા સહિતની ટેકનિલક કામગીરી માટે તંત્ર દોડ્યું નથી. આ કારણે જંગલેશ્વરની સ્થિતિ વધુ ખરાબ બની છે.

*** કમિશનર તુષાર સુમેરાએ દબાણો દુર કરવા માઈક્રો પ્લાનિંગના ઢોલ પીટ્યા પછી રોડ બનાવવાની કામગીરીમાં તંત્ર પાણીમાં બેસી ગયું : વોર્ડ નં.૧૬માં ભાજપના પરાજય પાછળનું કારણ માત્ર ડિમોલિશન જ નહીં પણ સુવિધા આપવામાં તંત્રની નિષ્ફળતા પણ એટલી જ જવાબદાર !**

*** સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા તમામ કાટમાળ હટાવી જંગલેશ્વર મેદાન કરી નાખ્યાના દાવા પણ પોકળઃ જો બાંધકામ વેસ્ટ જેમનાં તેમ : ચોમાસામાં પૂરની ગંભીર પરિસ્થિતિ સર્જાવાનો ભય**

### જંગલેશ્વરનો કાટમાળ ચોમાસામાં પૂરની ગંભીર પરિસ્થિતિ સર્જશે

જંગેલશ્વરના ડિમોલિશન બાદ કમિશનર તુષાર સુમેરાએ ચોમાસામાં પૂરની પરિસ્થિતિ નહીં સર્જાય તેવો દાવો ર્ક્યો હતો. જેના પર જંગલેશ્વરના કાટમાળ દુર કરવાની જવાબદારી હતી તે મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા કામગીરી અધુરી મુકીને જંગલેશ્વરને મેદાન કરી નાખ્યાનો દાવો ર્ક્યો હતો. પણ હજી અનેક સ્થળોએ બાંધકામ વેસ્ટના ઢગલાં અને કાટમાળ પડ્યા છે. જે ૧૫ મીટર રોડ બનાવવામાં આડે આવી રહ્યા છે. એક તરફ કમિશનરે પ્રિમોન્સુન કામગીરી શરૂ કરાવી છે. ત્યારે જો જંગલેશ્વર ડિમોલિશન વખતના બે મહિનાથી જેમને તેમ પડેલા કાટમાળ તુરંત નહીં હટાવાય તો ચોમાસામાં પૂરની પરિસ્થિતિ પહેલાં કરતાં પણ વધુ ગંભીર બની શકે તેમ છે.

# પરસ્ત્રી સાથે સંબંધ અને દારૂની લતે ચડેલા પતિનો અનહદ ત્રાસ

## ૧૫૦ ફુટ રિંગ રોડ, ઓમનગરની પરિણીતાની પતિ, સાસરીયા વિરૂધ્ધ મહિલા પોલીસમાં ફરિયાદ

રાજકોટઃ શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ ઓમ નગર વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષીય જ્યોતીબેન નિશિતભાઇ સભાયાએ પોતાના પતિ, સાસુ, સસરા અને નણંદ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ અને દહેજની માંગણી અંગે રાજકોટ મહિલા પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે. જ્યોતીબેને આક્ષેપ કર્યો છે કે લગ્નના ટૂંકા ગાળામાં જ પતિના અનૈતિક સંબંધો અને વ્યસનોને કારણે તેમનું સંસાર જેલ જેવો બની ગયો હતો.

ફરિયાદ મુજબ જ્યોતીબેનના આ પુનઃલગ્ન ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ જામનગરના નિશિત સવજીભાઇ સભાયા સાથે થયા હતા. લગ્ન બાદ દંપતી અમદાવાદ સ્થિત બોપલ વિસ્તારમાં રહેવા ગયું હતું. સુખદ લગ્નજીવનમાં ભંગાણ ત્યારે પડ્યું જ્યારે જ્યોતીબેને પતિના મોબાઈલમાં તેની જૂની ગર્લફ્રેન્ડના મેસેજ જોયા. આ બાબતે સમજાવવા છતાં નિશિતે સુધરવાને બદલે દારૂ પીને મારઝૂડ કરવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન જ્યોતીબેને એક પુત્રીને જન્મ આપ્યો હતો, જે હાલ ૯ માસની છે. જ્યોતીબેને ફરિયાદમાં જણાવ્યું છે કે માર્ચ ૨૦૨૪માં જામનગર ખાતે કૌટુંબિક પ્રસંગ દરમિયાન તેમને જાણ થઈ હતી કે તેમના પતિને અન્ય યુવતી સાથે અફેર છે. પુરાવા સાથે સાસરીયાઓને રજૂઆત કરવા છતાં સાસુ ગીતાબેન, સસરા સવજીભાઈ અને નણંદ સુરભીબેને પુત્રનો પક્ષ લઈ ''તારા આ બીજા લગ્ન છે, થોડું જતું કરવાનું હોય'' તેમ કહી મેણાં-ટોણાં માર્યા હતા. વધુમાં, જ્યારે જ્યોતીબેન પ્રેગ્નેન્ટ હતા ત્યારે પતિએ ઓફિસમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતી યુવતી સાથે પણ સંબંધો કેળવ્યા હતા. ગર્ભાવસ્થાના સાતમા મહિને પતિ અને સાસરીયાઓએ તેમને ગર્ભપાત કરાવી નાખવા દબાણ કરી ભારે માનસિક ત્રાસ આપ્યો હોવાનો પણ ઉલ્લેખ કરાયો છે. આર્થિક ત્રાસ અંગે જણાવતા ફરિયાદીએ ઉમેર્યું કે, પ્રેગ્નેન્સીના નવમા મહિને સાસરીયાઓએ ૧૫ લાખ રૂપિયાની માંગણી કરી હતી, જે પેટે જ્યોતીબેનના પિતાએ કટકે-કટકે સાડા સાત લાખ રૂપિયા આપ્યા હતા. તેમ છતાં, દીકરીના જન્મ બાદ પણ 'કરિયાવર ઓછો આપ્યો છે' તેમ કહી નણંદ અને સાસુ દ્વારા ચઢામણી કરી અવારનવાર ઝઘડા કરવામાં આવતા હતા. કંટાળીને જ્યોતીબેન છેલ્લા ૯ મહિનાથી પિયર રાજકોટ ખાતે આશ્રય લઈ રહ્યા છે.

**પતિના ફોનમાં તેની ગર્લફ્રેન્ડના મેસેજ જોઈ પત્નીએ સમજાવતાં દારૂ પી માર માર્યો**

જાન્યુઆરી ૨૦૨૬માં પતિ નિશિતે પત્ની વિરુદ્ધ જામનગર પોલીસમાં ૫૦ તોલા સોનું લઈ ભાગી ગયાની ખોટી અરજી કરી હોવાનો પણ વળતો આક્ષેપ જ્યોતીબેને કર્યો છે. રાજકોટમાં સમાધાન માટેના પ્રયાસો નિષ્ફળ જતાં અને સાસરીયાઓએ રાજકીય વગની ધમકી આપતા અંતે જ્યોતીબેને ન્યાય માટે પોલીસના દ્વાર ખખડાવ્યા છે. પોલીસે પતિ નિશિત સભાયા, સસરા સવજીભાઈ, સાસુ ગીતાબેન અને નણંદ સુરભીબેન વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# એપ્રિલ મહિનામાં રૂા.૧૧૭ કરોડનો વેરો ભરપાઈ થયો

## ૧,૬૫,૫૫૯ કરદાતાઓએ વળતર યોજનાનો લાભ લીધો

રાજકોટ, તા. ૬

મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ મિલ્કતવેરા તથા પાણી વેરો ભરપાઇ કરવા માટે ગત તારીખ ૭ એપ્રિલથી વેરાની વસુલાત સાથે વળતર યોજના શરૂ કરવામાં આવી છે. ત્યારે એપ્રિલ અંત સુધીમાં

કુલ ૧,૬૫,૫૫૯ કરદાતા દ્વારા રૂ. ૧૧૭ કરોડનો વેરો ભરપાઈ કરવામાં આવ્યો છે જેમાં ૧,૨૨,૧૪૧ કરદાતા દ્વારા ઓનલાઇન રૂ. ૭૨.૫૭ રોડ તથા ૪૩,૪૧૮ કરદાતા દ્વારા ચેક તથા રોકડાથી રૂ. ૨૭.૬૮ કરોડનો વેરો ભરપાઈ કરાયો છે. આ કુલ વેરામાં ૧૧.૯૯ કરોડ જેટલી માતબર રકમનું વળતર એડવાન્સ વેરો ભરપાઈ કરનારા પ્રમાણિક કરદાતાઓને આપવામાં આવ્યું છે. આ વળતર યોજના હેઠળ ૩૧ મેં સુધી સામાન્ય કરદાતાઓને ૧૦ ટકા મહિલાઓને ૧૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. યાબાદ ૧ જુન થી ૩૦ જુન સુધી મહિલાઓ માટે ૧૦% ડિસ્કાઉન્ટ અને સામાન્ય કરદાતા માટે ૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

### સાયકલ ટ્રેક દુર કરવાની સાથોસાથ બીઆરટીએસ રૂટની પહોળાઇ ઘટાડીને રોડની પહોળાઇ વધારાશે

# BRTS રીંગરોડની રૂા.૧૫ કરોડના ખર્ચે કાયાપલટ થશે

રાજકોટ, તા. ૬

રાજકોટના વેસ્ટઝોન વિસ્તારમાં ગોંડલ ચોકડીથી માધાપર ચોકડી સુધીના રીંગરોડ- ૧ની હવે સંપૂર્ણપણે કાયાપલટ થવા જઇ રહી છે. એક સમયે રાજકોટની બહાર ગણાતાં વિસ્તાર હવે રાજકોટની મધ્યમાં આવી ગયો છે અને ટ્રાફિક પણ વધી ગયો છે ત્યારે આ રીંગરોડની ડિઝાઇન જરીપુરાણી બની જતાં અને જે તે સમયે બનાવાયેલા સાયકલટ્રેક દબાણોમાં દબાઇ ગયો હોય બીન ઉપયોગી બની ગયો છે ત્યારે હવે મહાનગરપાલિકા તંત્ર આ રીંગરોડની આખી ડિઝાઇન બદલીને તેની કાયાપલટ કરશે. આ માટે પ્રાથમિક તબક્કે રૂ. ૧૫ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

મહાનગરપાલિકા દ્વારા ગોંડલ ચોકડીથી માધાપર ચોકડી સુધીના ૧૧ કિલોમીટર વિસ્તારમાં બીઆરટીએસ બસ સેવા શરૂ કરવા માટે રીંગરોડ-૧ બનાવવામાં આવ્યો છે. જે તે સમયે રાજકોટવાસીઓને લાભ આપવા માટે આ રીંગરોડ પર સાયકલ ટ્રેક પણ બનાવાયો હતો. પણ, તંત્રએ સાયકલ ટ્રેક પર ધ્યાન ન આપતાં ૧૧ કિલોમીટરના આ સાયકલટ્રેક પર દબાણો ખડકાઇ ગયા છે. અને મહાનગરપાલિકા તંત્ર આવા દબાણો દુર કરવામાં નિષ્ફળ સાબિત થયું છે.

સામાન્ય રીતે જે શહેરની બહાર હોય અને હાઇવેને જોડતાં હોય તે રીંગરોડ ગણાતો હોય છે. જ્યારે આ રીંગરોડ-૧ બન્યો ત્યારે વેસ્ટઝોનના ગોંડલ ચોકડીથી માધાપર ચોકડી સુધીનો ખાસ નોંધપાત્ર વિકાસ થયો નહતો. પણ હવે વેસ્ટઝોનનો આ વિસ્તાર પોશ એરિયા બની ગયો છે. અને અનેક કોમર્શિયલ અને રેસિડેન્સિયલ હાઇરાઇઝડ બિલ્ડિંગને કારણે આ રોડ ચોવીસ કલાક ધમધમી રહ્યો છે. આ કારણે રીંગરોડ-૧ હવે રીંગરોડને બદલે મેઇન રોડ જેવો ટુંકો બની ગયો છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને મહાનગરપાલિકા દ્વારા રીંગરોડની ડિઝાઇનમાં ફેરફાર કરવા માટે નિર્ણય લેવાયો હતો. અને તે માટેની વહિવટી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. કન્સલ્ટન્ટ દ્વારા રીંગરોડમાં ફેરફાર કરવા માટેના સુચનોના આધારે મહાનગરપાલિકા દ્વારા આખી ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે. જેમાં હાલમાં રીંગરોડ પર ટ્રાફિક સમસ્યા હલ કરવા અને વાહન ચાલકોને સરળતા રહે તે માટે હવે રીંગરોડની પહોળાઇ વધારવામાં આવશે. આ માટે હયાત સાયકલ ટ્રેક દુર કરાશે. આવી જ રીતે બીઆરટીએસ રૂટની પહોળાઇ પણ ઓછી કરાશે. સાયકલ ટ્રેક નીકળી જવાના કારણે અને બીઆરટીએસ રૂટની પહોળાઇ ઓછી થવાના કારણે રીંગરોડ પહોળો બનશે અને વાહનચાલકોને સરળતા રહેશે. સાથોસાથ ટ્રાફિકની સમસ્યા પણ ઓછી થશે.



રીંગરોડ પહોળો કરવા માટે નિષ્ણાંતોના અભિપ્રાય લેવામાં આવ્યા છે. આ મુજબ રીંગરોડ પર જ્યાં સર્કલ આવે છે તે સર્કલો પર સર્જાતી ટ્રાફિક જામની સમસ્યા પણ દુર કરવા માટે મહાનગરપાલિકાને કેટલાંક અભિપ્રાય મળ્યા છે. આ અભિપ્રયાયનો અભ્યાસ અને સ્થળ ચકાસણી પણ કરવામાં આવી રહી છે. આ મુજબ કેટલાંક સર્કલો પણ નાના કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક તબક્કે રીંગરોડ-૧ની કાયાપલટ માટે રૂ. ૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવશે. અને ટુંક સમયમાં ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવશે.

# ઈમ્પેક્ટ ફી હેઠળ રાજકોટમાં ૩૩૬૩ અરજીઓ નામંજૂર

રાજકોટ, તા. ૬

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં બીન અધિકૃત (ગેરકાયદે) બાંધકામોને કાયદેસર કરવા માટે ચાર વર્ષ પહેલા અમલમા મુકાયેલી ઈમ્પેક્ટ ફીના કાયદા હેઠળ રાજકોટ મહાનગર પાલિકાના ત્રણેય ઝોનમાંથી કુલ ૧૫,૩૨૨ અરજીઓ કરવામાં આવી હતી આમાંથી ૩૩૬૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે જ્યારે ૬૬૩૪ અરજીઓ હજી પેન્ડિંગ છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં બીન અધિકૃત બાંધકામો નિયમિત કરવા માટે ગુજરાત અનઅધિકૃત વિકાસ નિયમિત કરવા બાબતનો વટહુકમ તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ કરવમાં આવ્યો હતો. લોકો નિયત ફી ભરીને તેમના જુના ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરાવી શકે તે માટે આ વટહુકમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. પણ કોઇને કોઇ કારણોસર અરજીઓનો નિકાલ થતો નહોય રાજ્ય સરકાર દ્વારા પાંચ વખત તેની મુદતમાં વધારો કરવામાં આવ્યો હતો. અગાઉની મુદત ૧૭ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ પુર્ણ થતી હતી પણ, તે ફરીથી છ મહિના લંબાવવામાં આવી છે. એક મહિના બાદ આગામી તા. ૧૬ જૂનના રોજ આ મુદત પુરી થઇ રહી છે. ત્યારે રાજકોટ મહાનગરપાલિકાને કુલ ૧૫,૩૨૨ અરજીઓ મળી છે. આમાંથી ૫૩૨૫ અરજીઓ મંજૂર થઇ છે અને ૩૩૬૩ અરજીઓ નામંજૂર થઇ છે. હજી ૬૬૩૪ અરજીઓ પેન્ડિંગ છે. સેન્ટ્રલ ઝોનમાં કુલ ૫૩૬૩ અરજીઓ મળી છે જેમાંથી ૨૦૪૩ અરજીઓ મંજૂર થઇ છે અને ૮૬૩ અરજીઓ નામંજૂર થઇ છે. જ્યારે ૨૪૫૭ અરજીઓ પેન્ડિંગ છે. આવી જ રીતે ઈસ્ટઝોનમાં કુલ ૩૦૦૯ અરજીઓ મળી છે. જેમાંથી ૭૧૯ અરજીઓ મંજૂર થઇ છે અને ૧૪૧૮ અરજીઓ નામંજુર થઇ છે. હાલમાં ૮૭૨ અરજીઓ પેન્ડિંગ છે. વેસ્ટઝોનમાં કુલ ૬૯૫૦ અરજીઓ મળી છે તેમાં ૨૫૬૩ અરજી મંજૂર થઇ છે અને ૧૦૮૨ અરજીઓ નામંજૂર થઇ છે. વેસ્ટઝોનની કુલ અરજીઓમાંથી ૩૩૦૫ અરજીઓ પેન્ડિંગ છે.



સૌથી વધુ ઈસ્ટ ઝોનમાં અરજીઓ ના મંજુર થઈ

# મનપા-જિલ્લા પંચાયતના હોદ્દેદારોની પસંદગી મોદીની ગુજરાત મુલાકાત બાદ

## સંકલન બેઠકમાં નામની ચર્ચા પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક પણ PMની મુલાકાત બાદ યોજાવાની શકયતા

રાજકોટ, તા. ૬

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના નિવાસ્થાને બેઠક ચાલી રહી છે જેમાં રાજ્યભરની મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના હોદ્દેદારો ના નામો નક્કી કરવામાં આવી રહ્યા છે. જે માટે અત્યારથી જ વ્યક્તિગત લોબિંગ શરૂ થઈ ચૂક્યું છે. આજે રાજકોટ મહાનગરપાલિકાના હોદ્દેદારો અંગે ચર્ચા કરવામાં આવે તેવું પણ ભાજપના સૂત્રો જણાવી રહ્યા છે. જો કે રાજકીય માંધાતાઓનું કહેવું છે કે મનપાને જિલ્લા-તાલુકા પંચાયતના હોદ્દેદારોની વડાપ્રધાન મોદીની ગુજરાત મુલાકાત બાદ પસંદગી થનાર છે. ગઈકાલે સાંજે મળેલી સંકલન બેઠકમાં નામોની ભલામણ કરી દેવામાં આવી હોવાનું પણ સૂત્રો જણાવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર જે જે પક્ષ બદલીને ભાજપમાં આવ્યા હોય તેવા ઉમેદવારોની અલગ યાદી અને મૂળ ભાજપના ચૂંટાયેલા ઉમેદવારો હોય તેમની અલગ યાદી આપવા માટે જણાવ્યું છે જેને લઈને હાલ ચર્ચાએ જોર પકડ્યું છે. હાલ જે પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક ચાલી રહી છે તે બેઠક અત્યંત મહત્વની માનવામાં આવે છે કારણ કે હાલ જે હોદ્દેદારો



પસંદ કરવામાં આવશે તે આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાને લઈ કરાશે.

રાજકોટ જિલ્લા પંચાયત ઉપરાંત જિલ્લાના તમામ ૧૧ તાલુકામાં બહુમતિ મેળવીને ભાજપને સતા મળી છે. આ તમામ પંચાયતોના પ્રમુખ-ઉપપ્રમુખ તથા કારોબારી ચેરમેન નકકી કરવા ત્રણ દિવસ સેન્સ કાર્યવાહી બાદ હવે પાર્લામેન્ટ્રરી બોર્ડમાં આખરી મહોર મારવામાં આવનાર છે. પરંતુ વડાપ્રધાન મોદીની ગુજરાત મુલાકાત બાદ આ બધુ શકય બનવાની સંભાવના વ્યકત થઈ રહી છે. રાજકોટની પંચાયતોનો વારો આવતીકાલે છે તે પૂર્વે ગાંધીનગરમાં ગઈકાલે જિલ્લાની સંકલન બેઠક યોજાઈ હતી. તેમાં સંભવિત પેનલ તૈયાર કરી લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે અને આજની પાર્લામેન્ટરી બોર્ડમાં રજુ કરાશે. રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ, મહામંત્રી વગેરેને આ માટે તેડાવવામાં આવ્યા છે.

સૂત્રોએ કહ્યું કે હોદ્દા મેળવવા માટે અનેક સભ્યો તથા તેમના સમાજના આગેવાનોનું પણ જબરૂ લોબીંગ છે. એમ કહેવાય છે કે કોળી સમાજને તક આપવા આગ્રહ થયો છે. આ જ રીતે આહિર સહિતના સમાજોના આગેવાનો પણ માંગ મુકી રહ્યા છે. પ્રમુખ ઉપરાંત કારોબારી ચેરમેનપદ મેળવવા પણ જબરી ખેંચતાણ છે. રાજકોટ જિલ્લા પંચાયતમાં છેલ્લી ટર્મમાં પણ ભાજપનું શાસન હતું. અઢી-અઢી વર્ષની બે ટર્મમાં પ્રમુખપદે રાજકોટ તાલુકાના જ સભ્યો પસંદ થયા હતા. પ્રથમ ટર્મમાં કસ્તુરબાધામથી ચૂંટાયેલા ભૂપત બોદર તથા બીજી ટર્મમાં કુવાડવાના પ્રવિણાબેન રંગાણી હતા. ઉપપ્રમુખ તથા કારોબારી ચેરમેન ગોંડલ-જેતપુરના હતા. જ્યારે આ વખતે અન્ય તાલુકામાંથી ચૂંટાયેલાને પ્રાધાન્ય આપવાની પણ માંગ ઉઠી હતી તે સ્વીકારાય છે કે કેમ તેના પર નજર છે. ભાજપના જ વર્તુળોએ એમ કહ્યું કે માત્ર જીત જ લાયકાત નથી. હોદેદારોની પસંદગીમાં સભ્યોને અનુભવ, શૈક્ષણિક લાયકાત, તેમના મત વિસ્તાર-વતનમાંથી ભાજપની લીડ જેવા પાસાઓને પણ લક્ષ્યમાં લેવાનાર છે. પ્રમુખપદની રેસમાં ડઝન ઉમેદવારો હોવા છતાં મુખ્યત્વે પુરૂષ સભ્યોની પસંદગીની શક્યતા વધુ છે. અર્જુન ખાટરીયા, અમરશી ચૌહાણ, સંજય પીપળીયા, સામતભાઇ બાંભવા, દિલીપ સરવૈયા વગેરે નામો છે. સમાજના નેતાઓનું લોબીંગ સફળ થાય છે કે કેમ તેના પર મીટ છે. નેતાગીરીએ ચૂંટણીમાં વિજેતા નિવડેલા તથા હોદ્દા માટે દાવેદારી કરનારા સભ્યો મામલે અલગ નોંધ મુકવાની તાકિદ કરી હોવાની બાબતે પણ અનેકવિધ ચર્ચા થવા લાગી છે. એક સીનીયર નેતાએ એમ કહ્યું કે અમુક કિસ્સામાં પક્ષાંતર વખતે કમીટમેન્ટ પણ થયેલા હોય છે. એટલે તેનું પાલન કરવાનું થતું હોય છે. છતાં જુદી નોંધ મુકવાની સુચના પાછળનું કારણ શું હોઇ શકે તે સવાલ છે. મુળ ભાજપી સભ્યોને પ્રથમ તક આપવાની રણનીતિનો ઇન્કાર ન થઇ શકે. જો કે, સુકાનીઓના નામોની સતાવાર જાહેરાત પછી ચિત્ર સ્પષ્ટ થઇ જશે. પણ વડાપ્રધાનની ગુજરાત મુલાકાત બાદ

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની સમીક્ષા કરશે AAP

## ગુજરાત પ્રદેશ પ્રવક્તા ચિત્રેશ અનાજવાલા દરેક આગેવાનોને મળી હારનું કરશે અવલોકન, આગામી વિધાનસભાની ચૂંટણીઓની થશે તૈયારી

રાજકોટ, તા. ૬

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ એ મહત્તમ બેઠકો અંકે કરી છે તો સામે આમ આદમી પાર્ટી એ પણ કોંગ્રેસને હંફાવ્યું છે રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ચાર તથા આઠ આમ આદમી પાર્ટીને મળે તેવી અટકળો ચાલી હતી પરંતુ મતદાર હોય આમ આદમી પાર્ટી પર ભરોસો મૂકવાને બદલે ભાજપ ઉપર પોતાનો ભરોસો યથાવત રાખ્યો છે જેથી રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને એક પણ બેઠક મળી નથી પરંતુ જિલ્લા પંચાયતની એક બેઠક આમ આદમી પાર્ટીના ફાળે આવી છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ આગામી ૨૦૨૭ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ દરેક રાજકીય પક્ષોએ અત્યારથી જ શરૂ કરી દીધી છે ત્યારે આવનારા દિવસોમાં યોગ્ય માર્ગદર્શન સાથે આગળ વધવામાં આવે તે દિશામાં હાલ આમ આદમી પાર્ટી ચાલી રહી છે .

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રવક્તા ચિત્રેશ અનાજવાલાએ આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત સમીક્ષા બેઠક પર વાત કરતા જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો મુદ્દે આમ આદમી પાર્ટી સમીક્ષા કરશે. ગઈકાલે આ સમીક્ષા બેઠક શરૂ થઈ હતી અને ૧૦ મે સુધી આ સમીક્ષા બેઠક ચાલશે. ગુજરાતની તમામ નગરપાલિકા, મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમીક્ષા બેઠકમાં પ્રદેશના નેતાઓ, સ્થાનિક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે. વધુમાં અઅઙ પ્રદેશ પ્રવક્તા ચિત્રેશ અનાજવાલાએ જણાવ્યું હતું કે, આ સમીક્ષા બેઠકમાં કાર્યકર્તાઓ તથા સ્થાનિક પદાધિકારીઓ પાસેથી સૂચનો લેવામાં આવશે.

ચૂંટણી દરમિયાન જો કોઈ પણ કાર્યકર્તા કે પદાધિકારીએ પાર્ટી વિરોધી પ્રવૃત્તિ કરી હોય તો તે વિશે પણ ચર્ચા કરવામાં આવશે અને એ મુદ્દે નિર્ણયો લેવામાં આવશે. સ્થાનિક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા આપવામાં આવેલા સૂચનો મુજબ આગામી સમયમાં પગલાં લેવામાં આવશે. સમીક્ષા બેઠકના અંતે આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતૃત્વ દ્વારા આગામી રણનીતિ તૈયાર કરવામાં આવશે.

### સરોજની નાયડુ ગર્લ્સ હાઈસ્કૂલનું ૧૦૦ ટકા પરિણામ : વીર સાવરકર વિદ્યાલયનું સૌથી ઓછું પરિણામ ૩૧.૪૩ ટકા

# મનપા સંચાલિત શાળાનું ધો.૧૦નું પરિણામ ૭૦.૮૮ ટકા

રાજકોટ, તા. ૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત હાઇસ્કુલનું ધોરણ ૧૦ નું પરિણામ પણ જાહેર થઈ ચૂક્યું છે જેમાં સરોજની નાયડુ ગર્લ્સ હાઇસ્કુલ નું પરિણામ ૧૦૦ ટકા, પીએન્ડટીવી શેઠ હાઈસ્કૂલ નું પરિણામ ૮૮.૨૩%, મુરલીધર વિદ્યાલય નું પરિણામ ૬૦.૬૦%, એકનાથ રાનડેનુ પરિણામ ૬૧.૧૧ ટકા, વીર સાવરકર વિદ્યાલયનું ૩૧.૪૩% અને મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલયનું ૮૩.૭૭% પરિણામ આવ્યું છે.

આજે વિગતો મળી રહી છે તેમાં સરોજની નાયડુ ગર્લ્સ હાઇસ્કુલ માં એકસો દસ પરીક્ષા આપી જેમાંથી ૧૧૦ પાસ થઈ ચૂક્યા છે. બીજી તરફ પીએન્ડટી વી શેઠ હાઈસ્કૂલમાં ૩૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા પી જેમાંથી ૩૦ પાસ અને ચાર નાપાસ થયા છે. ૮૦% થી વધુ પર્સન્ટાઈલ મેળવનાર પરીક્ષાર્થીઓની વાત કરવામાં આવે તો સરોજની નાયડુ ગર્લ્સ હાઇસ્કૂલમાં ૬૬, પીએન્ડટીવી શેઠ હાઈસ્કૂલના ૧૭, અને એકનાથ રાનડે વિદ્યાલયના બે વિદ્યાર્થીઓ ને ૮૦% ઉપર આવ્યા છે જ્યારે મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલયના ચાર વિદ્યાર્થીઓ ને એસી પર્સન્ટાઇલથી ઉપર આવ્યા છે.

ગત ૨૦૨૫ ની સરખામણી કરવામાં આવે તો મહાનગરપાલિકા સંચાલિત ૬ હાઈસ્કૂલમાં પરિણામ સરેરાશ ઓછું આવ્યું છે. સરોજની નાયડુ ગર્લ્સ હાઇસ્કુલ માં ચાર વિદ્યાર્થીનીઓને ૧૦૦ માંથી ૧૦૦ ગુણ અને ૨૩ વિદ્યાર્થીઓને ૯૦% થી વધુ આવ્યા છે અને ગત વર્ષની સરખામણીમાં પરિણામમાં બે ટકાનો વધારો પણ થયો છે. પી. એન્ડ. ટીવી શેઠ હાઈસ્કૂલની વાત કરવામાં આવે તો ૯૦ % થી વધુ આવેલા હોય તેવા ત્રણ વિદ્યાર્થીઓ નોંધાયા છે. મુરલીધર વિદ્યાલય નું પરિણામ ગત વર્ષની સરખામણીમાં ૧૨.૧૨ ટકા વધુ. એકનાથ રાનડે વિદ્યાલયનું પરિણામ દસ વર્ષ કરતા ૯.૯૮% વધુ આવ્યું છે. જ્યારે વીર સાવરકર વિદ્યાલયનું પરિણામ ગત વરસ કરતા ૯.૨૧% વધુ નોંધાયું છે. અંતમાં વાત કરવામાં આવે મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય ની તો ગત વર્ષની સરખામણીમાં ૫.૬૧ ટકા પરિણામ આવ્યું છે અને અહીંની ચાર વિદ્યાર્થીનીઓને ૯૦% થી વધુ આવ્યા છે.

# રૂડાના પાંચ આવાસ રદ

રાજકોટ, તા. ૬

રૂડા અને મહાનગરપાલિકા દ્વારા આવાસ યોજના જે અમલી બનાવવામાં આવી છે તેનાથી ઘણા લાભાર્થીઓને ફાયદો થઈ રહ્યો છે પરંતુ ઘણા ખરા કિસ્સાઓમાં લાભાર્થીઓ દ્વારા વારંવાર જાણ કરવા છતાં તેમનું ભાડું ભરવામાં આવતું ન હોય અને હપ્તો પણ ભરાતો ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે જેને લઈને હાલ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આકરા પગલા લેવામાં આવ્યા છે અને પાંચ આવાસ રદ કરી દેવામાં આવ્યા હોવાનું પણ હાલ જાણવા મળ્યું છે.

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિર્મિત પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નીચે મુજબની સાઈટ ખાતે ફાળવેલ આવાસો પૈકી ૫ આવાસ ધારકો દ્વારા રૂડાના હપ્તા પેટે બાકી રહેતી રકમ આજદિન સુધી ભરવામાં આવેલ નથી. આ બાબતે લાભાર્થીઓને અત્રેની કચેરીએથી વારંવાર જાણ કરવામાં આવેલ છે. પરંતુ આજદિન સુધી આવાસ ધારકો દ્વારા રૂડામાં રકમ જમા કરાવેલ નથી.


તેથી સદરહુ બાબતે રૂડાની બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ નીચે મુજબના આવાસ ધારકોના આવાસ રદ કરવામાં આવેલ છે.

રૂડા દ્વારા જે પાંચ આવાસો રદ કરી દીધા છે તેમાં વૃંદાવન હાઉસીંગ કો.ઓ. સર્વિસ સોસાયટી, પરિશ્રમ હાઉસીંગ કો.ઓ. સર્વિસ સોસાયટી, પરિવાર હાઉસીંગ કો.ઓ. સર્વિસ સોસાયટી તથા શિવશકિત હાઉસીંગ કો.ઓ. સર્વિસ સોસાયટીનો સમાવેશ થાય છે. અગાઉ પણ મહાનગરપાલિકાને રાજકોટ સત્તા મંડળ દ્વારા એ તમામ આવાસો રદ કરવામાં આવ્યા હતા કે જેમાં લાભાર્થીઓ પોતાનો હપ્તો ભરવાના ચૂકી ગયા હોય એટલું જ નહીં આ અંગે તેઓને એક વખત નહીં અનેક વખત રજૂઆત પણ કરવામાં આવતી હોય છે કે તેઓ સમયસર તેમનો હપ્તો ભરે પરંતુ તે કરવામાં લાભાર્થીઓ ચૂકી જતા અંતે આવાસ રદ કરવાનો નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવતો હોય છે.



લાભાર્થીઓએ હપ્તો ન ભરતા તંત્રએ લીધો નિર્ણય

# સાયક્લોનિક સર્ક્યુલેશનથી વાતવરણમાં બદલાવ



## થન્ડર સ્ટ્રોમ એક્ટિવિટીથી ભેજનું પ્રમાણ વધ્યુંઃ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ૧૧ મેં સુધી વાતાવરણ રહેશે શુષ્ક

રાજકોટ, તા. ૬

ગુજરાત સહિત સૌરાષ્ટ્ર અને કચ્છના વાતાવરણમાં ખૂબ મોટો પલટો આવ્યો છે વાદળછાયુ વાતાવરણ પણ જોવા મળ્યું છે ત્યારે હવામાન વિભાગની આગાહી અનુસાર હાલ રાજ્યમાં થંડર સ્ટ્રોમ એક્ટિવિટી ચાલતી હોવાના કારણે ૪૦ થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન પણ સુકાઈ શકે છે ત્યારે ૧૧મી મેં સુધી હવે વાતાવરણ શુષ્ક રહે તેવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

ગુજરાતમાં કાળઝાળ ગરમીથી લોકોને આંશિક રાહત મળી છે. હાલ રાજ્યમાં થન્ડર સ્ટ્રોમ એક્ટિવિટી ચાલી રહી છે. જેના કારણે રાજ્યમાં ગાજવીજ સાથે કેટલાક વિસ્તારોમાં વરસાદ પડ્યો છે અને સાથે ઝડપી પવન ફૂંકાયો છે. આગામી દિવસોમાં પણ ગુજરાતમાં આ પ્રકારની સ્થિતિ રહેવાની છે અને કેટલાક વિસ્તારોમાં ઝડપી પવન અને ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

૧૧મી મે સુધી ગુજરાતનું હવામાન શુષ્ક રહેવાની આગાહી આપવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, સાકલોનીક સર્ક્યુલેશન સક્રિય છે. ભેજનું પ્રમાણ વધુ છે જેથી તાપમાન યથાવત રહેશે. ૯થી ૧૧ મેના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભેજ વાળા અને ગરમ પવન ફૂંકાશે. તો બીજી બાજુ હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહીમાં જણાવ્યું છે કે, ૧૫થી ૨૦ મે સુધીમાં આંધી વંટોળ સાથે પ્રિ મોન્સુન એક્ટિવિટીનો વરસાદ થવાની શક્યતા છે. સાથે જ હમણાં એક પછી એક પશ્ચિમી વિક્ષેપ આવવાની શક્યતા પણ છે. જે તારીખ ૩થી ૭ અને આગામી તારીખ ૮થી ૧૨ તથા ૧૬ મે સુધીમાં એક પછી એક પશ્ચિમી વિક્ષેપ આવી શકે છે. જેના કારણે ૭મી તારીખ સુધીમાં હવામાનમાં પલટો આવી શકે છે. દેશમાં પૂર્વ ભાગમાં ભારે વરસાદ થવાની શક્યતા રહેશે અને ભારતના ઘણા ભાગોમાં ૮૦થી ૧૦૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

અંબાલાલ પટેલના કહેવા અનુસાર, આ સમયે ખાસ ગુજરાતમાં પણ આંચકાનો પવન ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. સામાન્ય રીતે ગંગા જમનાના મેદાનો તપે પછી વરસાદ થવાની શક્યતા હોય છે. પરંતુ તારીખ ૧૧ પછી ગરમી પડી શકે અને બાદમાં આગામી તારીખ ૧૫થી ૨૫ સુધીમાં અરબ સાગર પણ સક્રિય થઈ શકે. જેનો માર્ગ ગુજરાત તરફ હોય તો ગુજરાતમાં વરસાદ થઈ શકે છે. આ સાથે તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં ૮મી તારીખ સુધીમાં પ્રિ-મોન્સુન એક્ટિવિટીનો વરસાદ થવાની શક્યતા છે.

કચ્છ અને સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં કમોસમી વરસાદ ખાબક્યો હતો. તો ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પોશીના તાલુકાના લાંબડિયા પંથકમાં જ્યારે અરવલ્લીના ભિલોડા, શામળાજી પંથકમાં વરસાદી માહોલ છવાયો હતો. દાહોદ શહેર સહિત જિલ્લામાં ભારે ગાજવીજ અને તોફાની પવન સાથે ધોધમાર વરસાદ વરસતા ખેડૂતોમાં નુકસાનની ચિંતા જોવા મળી રહી છે. કમોસમી વરસાદને કારણે કેરીના પાકને નુકસાન થયું હતું. કચ્છ જિલ્લામાં મોડી સાંજે વાતાવરણ બદલાતા ભુજ અને અંજાર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાયો હતો. જેમાં હીરાપર, મોડસર અને મોખાણા સહિતના ગામડાંઓમાં ભારે પવન અને ગાજવીજ સાથે માવઠું પડ્યું હતું. અમુક સ્થળોએ કરાં સાથે વરસાદ પડતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. આ ઉપરાંત ભચાઉના કડોલ, માય અને લાખાવટ સહિતના ગામોમાં પણ છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં નોંધાયા હતા.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# પવન-વે પ્રવાહ

## રાષ્ટ્રીય રાજનીતિમાં ભાજપ બળિયો, રાહુલ પર મોટી જવાબદારી,પણ..



ભારતની વર્તમાન રાજનીતિ અત્યારે એક એવા વળાંક પર ઉભી છે જ્યાં સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચેનું અંતર સતત વધી રહ્યું છે. દેશના બાવીસ રાજ્યોમાં ભાજપ અથવા તેમના સાથી પક્ષોનું શાસન એ વાતની સાબિતી છે કે રાષ્ટ્રીય ફલક પર ભાજપ અત્યારે સૌથી બળિયો પક્ષ બનીને ઉભર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પમોદિત્વથનો જે જાદુ ચાલ્યો છે, તેની સામે વિરોધ પક્ષોના તમામ ગણિત અને સમીકરણો નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. માત્ર કોંગ્રેસ જ નહીં, પણ એક સમયે જે પ્રાદેશિક પક્ષો કિંગ મેકર ગણાતા હતા, તેમનો પડકાર પણ હવે ભાજપની રણનીતિ સામે સાવ નગણ્ય અને બોદો બની ગયો છે.

લોકશાહીની સફળતા માટે એક સક્ષમ વિપક્ષનું હોવું અનિવાર્ય છે. સત્તાપક્ષ જ્યારે અત્યંત શક્તિશાળી બને ત્યારે જનતાના પ્રશ્નોને વાચા આપવા માટે અને સત્તા પર લગામ રાખવા માટે મજબૂત વિરોધ પક્ષની જરૂરિયાત વધી જાય છે. આ દ્રષ્ટિએ જોતા દેશના સૌથી જૂના પક્ષ કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર ખૂબ મોટી જવાબદારી આવી પડે છે. જો કે, અહીં સૌથી મોટો સવાલ ક્ષમતા અને રાજકીય રણનીતિનો છે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસે અત્યાર સુધીમાં અનેક પરાજયોનો સામનો કર્યો છે, તેમ છતાં પક્ષમાં કોઈ ક્રાંતિકારી પરિવર્તન જોવા મળતું નથી. આશ્ચર્યની વાત એ છે કે સતત નિષ્ફળતાઓ છતાં કોંગ્રેસ થાકતી નથી અને રાહુલ ગાંધી પોતાની જૂની અને નિષ્ફળ સાબિત થયેલી રણનીતિ બદલવા પણ તૈયાર નથી.

દેશની રાજનીતિની આ ગજબની સ્થિતિ છે. એક તરફ ભાજપની ચૂંટણી જીતવાની મશીનરી ૨૪ કલાક કાર્યરત છે, તો બીજી તરફ વિપક્ષ વિખેરાયેલો અને દિશાહીન છે. જે નેતાઓ ભાજપને ટક્કર આપી શકે તેમ માનવામાં આવતા હતા, તેઓ પણ હવે હાંસિયામાં ધકેલાઈ રહ્યા છે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી જેવો અઘરો પડકાર પણ રાષ્ટ્રીય સ્તરે હવે હાસ્યાસ્પદ અને પ્રભાવહીન સાબિત થઈ રહ્યો છે. પ્રાદેશિક નેતાઓ પોતાની મર્યાદાઓમાં કેદ છે અને કોંગ્રેસ રાષ્ટ્રીય સ્તરે સબળ વિકલ્પ પૂરો પાડવામાં સતત ઉણી ઉતરી રહી છે. જ્યારે રણનીતિમાં ધાર ન હોય અને નેતૃત્વમાં જનતાનો ભરોસો જીતવાની દ્રઢતાનો અભાવ હોય, ત્યારે વિરોધ પક્ષ માત્ર નામનો રહી જાય છે. ભારતીય લોકશાહી અત્યારે એકતરફી પ્રવાહમાં વહી રહી હોય તેમ લાગે છે, જ્યાં સત્તાનો પલ્લું ભીષણ રીતે ભારે છે અને વિપક્ષ પોતાની જૂની ભૂલોમાંથી શીખવા તૈયાર નથી. જો રાહુલ ગાંધી પોતાની શૈલી અને વ્યૂહરચના નહીં બદલે, તો આ પવન-વે પ્રવાહથ લોકશાહીના સંતુલન માટે વધુ જોખમી બનશે. દેશને આજે એક એવા વિપક્ષની જરૂર છે જે માત્ર ટ્વિટર પર નહીં પણ જમીન પર સંગઠિત થઈને લડી શકે. અત્યારની સ્થિતિ તો ભાજપ માટે મેદાન સાવ ખાલી હોય તેવી જ દેખાઈ રહી છે.

# બંગાળ પછી હવે પંજાબ પર હુમલો

## ભગવંત માને કહ્યું - આ ધડાકો ભાજપની ચૂંટણીની તૈયારી



નવીદિલ્હી, તા. ૬

પંજાબમાં થયેલા બેવડા વિસ્ફોટો પર મુખ્યમંત્રી ભગવંત માન એ મોટું નિવેદન આપ્યું છે. માન એ કહ્યું કે ભાજપે કહ્યું કે બંગાળ પછી હવે પંજાબનો વારો છે. આ વિસ્ફોટો ભાજપની ચૂંટણી માટેની તૈયારી છે. ભાજપ હિંસા અને ધાકધમકી ફેલાવીને મત મેળવે છે. તે જ્યાં પણ જાય છે ત્યાં સંઘર્ષ ઉશ્કેરે છે. રમખાણો ભડકાવવા એ ભાજપનું કામ છે લોકોને વિભાજીત કરવાનું. પંજાબ એક શાંતિપ્રિય રાજ્ય છે, અને ભાજપે તેની પ્રવૃત્તિઓથી દૂર રહેવું જોઈએ. મુખ્યમંત્રી ભગવંત માન એ પંજાબમાં થયેલા બેવડા વિસ્ફોટો પર મોટું નિવેદન આપ્યું છે. માન એ કહ્યું કે ભાજપે કહ્યું કે બંગાળ પછી હવે પંજાબનો વારો છે. આ વિસ્ફોટો ભાજપની ચૂંટણી માટેની તૈયારી છે. ભાજપ હિંસા અને ધાકધમકી ફેલાવીને મત મેળવે છે. તે જ્યાં પણ જાય છે ત્યાં સંઘર્ષ ઉશ્કેરે છે. રમખાણો ભડકાવવા એ ભાજપનું કામ છે લોકોને વિભાજીત કરવાનું. પંજાબ એક શાંતિપ્રિય રાજ્ય છે, અને ભાજપે તેની પ્રવૃત્તિઓથી દૂર રહેવું જોઈએ.

પરંતુ હવે, આ નવા અપવિત્ર કાયદા સાથે કડક સજાની જોગવાઈ હોવાથી, કોઈ પણ તેમના ઈશારે અપવિત્ર નહીં કરે. તેથી, આ કાયદો ભાજપના એજન્ડાનો સંપૂર્ણપણે વિરોધ કરે છે. આ પંજાબ માટે ભાજપની તૈયારી છે. શું તમે નાના વિસ્ફોટ કરીને અને લોકોને ડરાવીને મત મેળવવા માંગો છો? હું ભાજપને કહેવા માંગુ છું કે પંજાબે ઘણી કાળી રાતો અને કાળી દિવસો જોયા છે. લોકોના ઘા હજુ પણ તાજા છે, તેથી ભાજપે આવી કાર્યવાહીથી દૂર રહેવું જોઈએ. માનએ કહ્યું કે આ ભાજપની કાર્યશૈલી છે. જે રાજ્યમાં તેઓ ચૂંટણી લડવા માંગે છે, ત્યાં પહેલા રમખાણો ભડકાવો, નાના વિસ્ફોટ કરો, અથવા લોકોને એકબીજા સાથે લડવા માટે ઉશ્કેરો, ધર્મ અને જાતિના નામે વિભાજીત કરો. આ પંજાબ માટે ભાજપની તૈયારી છે. સીએમ માનએ કહ્યું કે પંજાબ હંમેશા દેશનો પક્ષ લે છે. જ્યારે પણ દેશ સંકટમાં હોય છે, પછી ભલે તે ખોરાકની અછત હોય કે દુશ્મનની ગોળીઓનો ખતરો હોય, પંજાબ હંમેશા સંકટનો સામનો કરે છે. પરંતુ પંજાબમાં શાંતિ રહેશે, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહેશે, અને ગુનેગારોને કડક સજા કરવામાં આવશે. હું ભાજપને કહેવા માંગુ છું કે આપણે ઘણા કાળા દિવસો જોયા છે. પંજાબીઓ હવે આ સહન કરશે નહીં. પંજાબીઓ શાંતિપ્રિય લોકો છે; આપણે ગુરુબાનીનો પાઠ કરીએ છીએ, જે વિશ્વના કલ્યાણ માટે પ્રાર્થના કરે છે. બંગાળના પરિણામો અંગે માનએ કહ્યું કે મમતા બેનર્જી ફરિયાદ કરી રહ્યા છે કે ૧૦૦ બેઠકો પર તેમનો જનાદેશ ચોરી લેવામાં આવ્યો હતો. તેમના લોકોને એજન્ટ તરીકે ત્યાં બેસવા દેવામાં આવ્યા ન હતા. તેમને માર મારવામાં આવ્યો હતો અને ભગાડવામાં આવ્યા હતા. ચૂંટણી પંચ પર અનેક આરોપો લાગી રહ્યા છે. તેથી, ચૂંટણી પંચે આ સમગ્ર પરિસ્થિતિ સ્પષ્ટ કરવી જોઈએ. ચૂંટણી પંચે એક પક્ષ પ્રત્યે પક્ષપાત ન કરવો જોઈએ. ચૂંટણી પંચ બધા પક્ષો માટે સમાન છે. ચૂંટણી પંચ અંગે ઘણા પ્રશ્નો ઉભા થાય છે, જેનો ઉકેલ લાવવો જોઈએ.

# ISIS સાથે જોડાયેલા મોડ્યુલનો પર્દાફાશ

## NIAએ અમદાવાદના ૩ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી




નવીદિલ્હી, તા. ૬

દેશમાં એક મોટો જૈવિક હુમલો કરવાના કાવતરાને નિષ્ફળ બનાવતા, ગઈઅ એ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ISIS સાથે જોડાયેલા ત્રણ આરોપીઓ સામે અમદાવાદની એક ખાસ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, આરોપીઓ જાહેર સ્થળોએ ઝેરી પદાર્થો દ્વારા સામૂહિક ઝેર ફેલાવવાનું કાવતરું ઘડી રહ્યા હતા. ચાર્જશીટમાં હૈદરાબાદના રહેવાસી ડો. સૈયદ અહેમદ મોહિઉદ્દીનનું નામ મુખ્ય આરોપી તરીકે છે, જ્યારે ઉત્તર પ્રદેશના આઝાદ અને મોહમ્મદ સુહેલનું નામ સહ-આરોપી તરીકે છે. ત્રણેય સામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ભારતીય દંડ સંહિતા અને શસ્ત્ર કાયદાની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

તપાસ મુજબ, આરોપીઓ વિદેશી ISIS હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતા અને તેમના નિર્દેશો પર કાર્ય કરતા હતા. તેમનો ઉદ્દેશ્ય કટ્ટરપંથી યુવાનોની ભરતી કરવાનો અને આતંકવાદી પ્રવૃત્તિઓ કરવાનો હતો. આ કાવતરામાં રિસિન નામના અત્યંત ઘાતક જૈવિક ઝેરનો ઉપયોગ કરીને ભીડભાડવાળા વિસ્તારોમાં હુમલો કરવાનો સમાવેશ થાય છે. રિસિન એ એરંડાના બીજમાંથી બનેલો ઝેરી પદાર્થ છે અને રાસાયણિક શસ્ત્રો સંમેલનમાં સૂચિબદ્ધ છે. આ કેસ નવેમ્બર ૨૦૨૫માં શરૂ થયો હતો, જ્યારે ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી (ATS) એ ટોલ પ્લાઝા પર ડો. મોહીઉદ્દીનની ધરપકડ કરી હતી. તેમની કારમાંથી ગેરકાયદેસર હથિયારો, ચાર લિટર એરંડા તેલ અને અન્ય શંકાસ્પદ સામગ્રી મળી આવી હતી. સહ-આરોપી આઝાદ અને સુહેલની પણ તે જ દિવસે ધરપકડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું હતું કે બંનેએ રાજસ્થાનના હનુમાનગઢના એક ડેડ-ડ્રોપ સ્થાનથી ગુજરાતના છત્રાલ સુધી શસ્ત્રો અને રોકડ પરિવહન કરી હતી.

જાન્યુઆરી ૨૦૨૬ માં કેસ સંભાળ્યા પછી, NIA એ શોધી કાઢ્યું કે મુખ્ય આરોપી, મોહીઉદ્દીનને ISIS દ્વારા દક્ષિણ એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બનવાના વચન સાથે લલચાવવામાં આવ્યો હતો. આ માટે, તેણે તેના હૈદરાબાદના ઘરને એક ગુપ્ત પ્રયોગશાળામાં રૂપાંતરિત કર્યું હતું જ્યાં રિસિનનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું હતું. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, મોહમ્મદ સુહેલ નેટવર્કમાં એક મુખ્ય કડી હતો, જે વિદેશી હેન્ડલર્સ અને અન્ય આરોપીઓ વચ્ચે સંકલન કરતો હતો. તે ભંડોળ, શસ્ત્ર પુરવઠો, જાસૂસી અને ભરતીનું સંચાલન કરતો હતો. તેણે ISIS પ્રત્યે વફાદારીના શપથ રેકોર્ડ કરવામાં અને સંગઠનના ધ્વજ તૈયાર કરવામાં પણ ભૂમિકા ભજવી હતી. NIA એ જણાવ્યું હતું કે તપાસ ચાલુ છે અને વિદેશી હેન્ડલર્સ સહિત અન્ય શંકાસ્પદોની ઓળખ કરવામાં આવી રહી છે. એજન્સી માને છે કે આ કાવતરું દેશ પર મોટા પાયે જૈવિક હુમલો કરવાનો પ્રયાસ હતો, જેને સમયસર નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો.

# તમિલનાડુમાં કોંગ્રેસ-DMK ગઠબંધન તૂટ્યું



TVKને પંજાનો મળ્યો ટેકો : તમિલનાડુમાં એક ધર્મનિરપેક્ષ સરકારનો જનાદેશ છે જે બંધારણનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ

નવીદિલ્હી, તા. ૬

તમિલનાડુમાં કોંગ્રેસ-ડીએમકે ગઠબંધન તૂટી પડવાની આરે છે. કોંગ્રેસે અભિનેતા વિજયની પાર્ટી, ટીવીકેને ટેકો આપવાની જાહેરાત કરી છે. કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે જણાવ્યું હતું કે ટીવીકે પ્રમુખ થિરુ વિજયે તમિલનાડુમાં સરકાર બનાવવા માટે કોંગ્રેસને ટેકો આપવાની વિનંતી કરી છે. તેમણે તેમના રાજકીય મિશનમાં પેરુમથલૈવર કામરાજ પાસેથી પ્રેરણા લેવાની ઇચ્છા પણ વ્યક્ત કરી હતી. વેણુગોપાલે જણાવ્યું હતું કે કોંગ્રેસનો વલણ સ્પષ્ટ છેઃ તમિલનાડુમાં એક ધર્મનિરપેક્ષ સરકારનો જનાદેશ છે જે બંધારણનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. પાર્ટી એ સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છે કે ભાજપ અને તેના સાથી પક્ષો કોઈપણ રીતે તમિલનાડુ સરકાર ચલાવી ન શકે. આને ધ્યાનમાં રાખીને, કોંગ્રેસ નેતૃત્વએ તમિલનાડુ કોંગ્રેસ સમિતિને ચૂંટણી પરિણામો અંગે રાજ્યની લાગણીઓને ધ્યાનમાં રાખીને થિરુ વિજયની વિનંતી પર અંતિમ નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો છે.

મણિકમ ટાગોરે ટ્વિટ કર્યું હતું કે નિર્ણય ડીએમકે સરકાર વિરુદ્ધ આવ્યો છે. અડધા કેબિનેટ મંત્રીઓએ પોતાની બેઠકો ગુમાવી દીધી છે. અમારી કોઈ ભૂલ ન હોવા છતાં અમને નુકસાન થયું છે. ભાજપ હવે તમિલનાડુ પર નજર રાખી રહ્યું છે. આપણી સામે પ્રશ્ન સ્પષ્ટ છેઃ શું આપણે એવા લોકો સાથે ઊભા રહેવું જોઈએ જેમને લોકોના ચુકાદાથી નકારી કાઢવામાં આવ્યા છે, કે પછી આપણે ભાજપ સામે લડનારા દળો સાથે એક થવું જોઈએ અને તેને તમિલનાડુ પર શાસન કરતા અટકાવવા માટે લડવું જોઈએ? સરકાર રચનાના મુદ્દા પર સમાચાર એજન્સી ANI સાથે વાત કરતા, તમિલનાડુના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે કહ્યું, મને TVK તરફથી એક પત્ર મળ્યો છે. તેઓ આજે સાંજે મને મળશે. તેમણે કહ્યું છે કે તેમની પાસે બહુમતી છે અને તેમને સરકાર બનાવવા માટે બોલાવવા જોઈએ. હા, મારી પાસે તેમની (TVK ચીફ વિજય) સાથે મુલાકાત માટે એપોઇન્ટમેન્ટ છે. હવે નવી સરકાર બનશે.

તમિલનાડુમાં, અભિનેતા વિજયની પાર્ટી, TVK એ ઐતિહાસિક પ્રદર્શન કર્યું છે. આ નવી પાર્ટીએ DMK ને સત્તા પરથી બહાર કાઢ્યું. તમિલનાડુમાં TVK એ ૧૦૮ બેઠકો જીતી. DMK ૫૯ બેઠકો સાથે બીજા ક્રમે આવ્યું. દરમિયાન, ADMK એ ૪૭ બેઠકો જીતી, જ્યારે કોંગ્રેસે ફક્ત પાંચ બેઠકો જીતી. આઠ બેઠકો અન્ય પક્ષોને મળી.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## પરભાતે રવિ ઉગતાં પહેલાં! એ પ્રભાતિયાંમાં નરસિંહ વિવિધ ઉપમા દ્વારાં શું સમજાવે છે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્રાકૃતિક અંગો સાર્વજનિક હોય છે, એટલે કે સૂર્યનો તાપ, નદી નાળાંના જળ, વનસ્પતિ કે પછી પર્વતો, આ બધાં પર કોઈ પોતાનો હક જમાવી શકે નહીં, હા કોઈ ચોક્કસ વૃક્ષો જેણે ઉગાડ્યાં હોય એનાં ફળ ફૂલ તેની માટે હોય, પરંતુ છાયડો તો એ બધાને આપે! આ બધાં પ્રાકૃતિક અંગો આપણું જીવન ઘડે છે, અને ખાસ કરીને સૂર્યની હાજરી થી સમય આપણી આસપાસ રહે છે. એટલે કે સૂર્યનાં ઉદયથી સૌ માટે દિવસ થયો, ઉનાળો છે, તો આકરાં તાપથી ગરમી સૌને લાગે. સમય એ એક એવું પરિબળ છે જે આપણી આસપાસ રહે છે, પણ અંદર પ્રવેશી શકતું નથી! અંદર પ્રવેશે છે સૂર્યનો પ્રકાશ, અને પછી એ આપણો વ્યક્તિગત સમય નિશ્ચિત કરે છે, સૂર્યોદય થયો અને આપણે જાગ્યાં એટલે પ્રકાશ આપણી આંખ દ્વારા અંદર ગયો, અને પછી આપણી જાગૃતિ પ્રમાણે આપણામાં જાગરણ થયું. વ્યક્તિગત રીતે આપણે દૈનિક ક્રિયાઓ કરી, કર્તવ્ય કર્મ માટે કામ ધંધે નીકળ્યાં, પરંતુ આપણી જાગૃતિ જો આટલી જ હોય તો એ અજવાળું આપણું જીવન અજવાળી શકે નહીં, એટલે કે ક્રિયા અને કાર્ય બંનેનો થાક લાગે. પરંતુ જો આપણે ખરેખર જાગી ગયાં હોઈએ તો, ક્રિયા કાર્ય બંને વખતે આપણે સત્ય, નિષ્ઠા, ઈમાનદારી, પ્રમાણિકતા, અને મૈત્રી ભાવથી વ્યવહારો કરી આપણા જીવનને સરળ અને પ્રસન્ન બનાવી શકીએ છીએ! આમ વ્યક્તિને જાગવાં માટે સૂર્યની જરૂર છે, પરંતુ જાગરણ માટે પ્રકાશ એટલે કે જ્ઞાનની જરૂર છે. આ જગતમાં વિવિધ માનસિકતા વાળા લોકો રહે છે,અને જેમ દરેકની અલગ અલગ રૂચી હોય, એમ નરસિંહની દરેક રચના આપણને કોઈને કોઈ રીતે જાગરણ કરાવવાં કટિબદ્ધ છે! અને એવી જ એક રચના કે જે પ્રભાતિયાં તરીકે પ્રસિદ્ધ છે, એને વિશે આજે ચિંતન કરીશું.

**** નરસિંહ મહેતા ****

**પરભાતે રવિ ઉગતાં પહેલાં,**
**જીભલડી જો રામ કહે,**
**પરભાતે રવિ ઉગતાં પહેલાં**
**હૈયે પ્રેમ ધરી જે પ્રભુને ભજે,**
**તો જગ માં અમર નામ રહે**
**પરભાતે રવિ ઉગતાં પહેલાં.. ૧**

સૂર્યોદય પહેલાં જીવ જો રામનું નામ બોલે, હૃદયમાં પ્રેમને ધારણ કરી જે પ્રભુને ભજે, એનું નામ જગતમાં અમર થાય છે.

**રામ નામનો મહિમા મોટો**
**શિવ સનકાદિક ધ્યાન ધરે**
**મેરુ સરીકુ હોય મોટું બાતસ હોત!**
**તોય નારાયણ નું નામ હરે!**
**પરભાતે રવિ ઉગતાં પહેલાં...**

રામ નામનાં મહિમાની વાત કરતાં નરસિંહ કહે છે કે રામનું નામ એટલું મોટું છે કે, ભગવાન શંકર અને સનત કુમારો પણ રામના નામનું ધ્યાન કરે છે, અને સતત એનો જાપ કરે છે. મેરુ ને સર્વોચ્ચ શિખર માનવામાં આવે છે, એટલે કે કોઈના જીવનમાં એટલું મોટું દુઃખ કે વિપત્તિ આવે તો નારાયણનું નામ એ વિપત્તિને દૂર કરે છે.

**સિંહ ગરજે જેમ હરના ત્રાસે,**
**એમ રવિ ઉગે અંધાર ટળે,**
**પુરણ બ્રહ્મ અકળ અવિનાશી,**
**કુબનદીના એ તાપ હરે,**
**પરભાતે રવિ ઉગતાં પહેલાં...**

સિંહ ગર્જના કરે અને જે રીતે હરણ ભયથી ભાગે છે, એમ સૂર્યનો ઉદય થતા અંધારાઓ ટળી જાય છે. પુરાણ બ્રહ્મ એટલે કે પરમ તત્વ તો અકળ અને અવિનાશી છે, એને સમજવું એ સામાન્ય સંસારી માનવીની પરે છે, પરંતુ એનું સ્મરણ કરવાથી આપણી મન અને આત્માની દૂરીને કારણે ઉત્પન્ન થતી અવિદ્યાના અંધકારને કારણે થતાં પાપથી, નર્કની જે કાલ્પનિક નદી બતાવી છે, એમાં જીવને જતો રોકે છે, એટલે કે પાપને હરી લે છે.

**કોટી કલ્યાણ સુરજ ઉગતાં,**
**પાપમાં પડું કેમ રહે,**
**મેલુ ગંગાજળ માં ભળે ત્યારે,**
**ગંગા સરીખું થઈ વહે!**
**પરભાતે રવિ ઉગતાં પહેલાં...**

સૂર્યનાં ઉગતાઊ કરોડો લોકોના મનમાં કલ્યાણનો ઉદય થાય છે, ત્યાં પાપમાં આ પંડ કેમ રહે? એટલે કે આપણું જાગરણ કેમ ન થાય? ગંગાજળમાં જો મેલ ભળે તો એ ગંગાજળ થઈ જાય છે, એમ સૂર્યોદયનું અજવાળું જીવનું જાગરણ કરે છે, અને અંતરનાં મેલને ધોઈને સ્વચ્છ કરે છે.

**આ રસ ને શુકદેવજી જાણે,**
**કોક વિરલા સંચ કળે,**
**ભણે નરસૈંયો રામ ભજીલો,**
**આવાં ગમન નો ફેરો ટળે,**
**પરભાતે રવિ ઉગતાં પહેલાં..**

નરસિંહ અહીં ભક્તિરસનો સંદર્ભ મુકી કહે છે કે આ રસને શુકદેવજી જાણે છે, અને બીજું કોઈ કોઈ એવું વિરલ હોય, એ આ સત્યને ઓળખી જાય છે, એટલે કે નામ સ્મરણનો મહિમાનાં સત્યને સમજી જાય છે. નરસિંહ કહે છે કે જન્મ મૃત્યુનાં ફેરા માંથી! એટલે કે કર્મ અનુસાર બીજો જન્મ, અને એની આધિ, વ્યાધિ, અને ઉપાધિમાંથી બહાર આવવાં માટે રામને ભજી લો.

અહીં પરભાતે અને જીભલડી એ બે શબ્દ વાંચનાર નરસિંહ વિશે ખોટો ખ્યાલ બાંધી શકે! કારણ કે એકદમ લોક બોલી છે! પણ પ્રભાતિયાં ભજન જેવી રચનાઓ, જે વેદ વેદાંત કે શાસ્ત્રોને જાણતાં નથી, એ સામાન્ય લોકો માટે જ છે. એમને સીધો સાર જણાવીને, આટલું જ કરવાનું છે, એમ સ્પષ્ટ કર્યું! આખાં શરીરમાં જીભ એવું અંગ છે કે, જેમાં હાડકું નથી! અને એટલે એ વાયડી થયાં વગર રહેતી નથી! એ વાણીની રીતે કે સ્વાદ એટલે કે વિષયની લોલુપતાથી વાંકીચૂકી થયે જ રાખે છે! પણ જો રવિ ઉગતાં પહેલાં આ જીભ રામનું નામ લે તો, પછી એનું વિષયી રસોથી આકર્ષણ નથી રહેતું. ભગવાન શંકર સનકાદિક એટલે બ્રહ્માનાં માનસ પુત્રો અને વિષ્ણુનાં પ્રથમ અવતાર પણ હરિ સ્મરણ કરે છે! કારણ કે એ અકળ અવિનાશી બ્રહ્મની લીલાને સમજી શકાય નહીં તો, દુઃખો મેરુ જેટલાં મોટાં લાગે છે. સિંહ દહાડે ત્યારે હરણ જેમ ભયથી ફફડી જાય એમ, અંતે તો અકળ અવિનાશી પરમાત્માની લીલા છે, એમાં હું નિમિત્ત માત્ર છું એવાં જ્ઞાન રુપી પ્રકાશથી પાપ પ્રેરિત કર્મનાં નર્કનાં ભયનું અંધારું ભાગી જાય છે. પ્રાકૃતિક અંગ તરીકે તો એક જ સૂર્ય છે, પણ કલ્યાણનો ભાવ હ્રદયે ધરીયે તો કરોડો સૂર્ય જેમ દેહ દૈદિપ્યમાન થઈ જાય છે, એમાં પછી પંડ નું પાપ રહેતું નથી, જેમ ગંગામાં મલિનતા ભળે છતાં એ ગંગાજળ બનીને વહે છે, ગંગા એને પોતાની ઓળખ આપે છે, કારણકે એણે હરિને સેવ્યાં છે. હરિ સ્મરણ રુપે ભક્તિ રસને શુકદેવજી જન્મીને તરત જાણી ગયા માટે હરિ સંકિર્તન કરવાં નીકળી ગયા! કોક કોક વિરલા આ સત્યને સમજી શક્યા! અને એટલે જ નરસિંહ કહે છે કે, વિધાતાનાં હાથની કઠપૂતળી બની જન્મ મૃત્યુની આવન જાવન માંથી બચવું હોય તો જીવ તું સમયે રામને ભજી છે. આમ આ રચના કળિયુગના એકમાત્ર સાધન હરિ સ્મરણ એ જ વેદ વેદાંતનો સાર છે એ સત્યને સિદ્ધ કરે છે, આપણે સૌ પણ સાધનાની આંટીઘૂંટીમાં ફસાયાં વગર સીધુંસાદું હરિનામ લઈ જીવનનો આ પડાવ પ્રકાશિત કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### લેભાગુ ગઠીયાઓએ વધુ એક વખત ઈન્ટરનેટ માધ્યમનો કર્યો દુરૂપયોગ

# ઓનલાઈન સર્ફીંગમાં વેપારીએ ગૂમાવ્યા સાડા ૧૪ લાખ

## સરધારના વેપારીએ સળીયા માટે ઓનલાઇન સર્ચ કર્યુઃ પછી ગઠીયાએ સામેથી કોલ કરી મોટી કંપનીઓનો ડીલર હોવાનું કહી નાણા ખંખેરી લીધાઃ બીજી ઘટનામાં સોલાર પેનલ નામે છેતરતી ટોળકી સામે હવે રાજકોટમાં પણ દાખલ થયો ગુનો

રાજકોટ,તા.૬

ઓનલાઇન સાયબર ફ્રોડ આચરતા ગઠીયાઓની નજર સતત ઓનલાઇન સર્ચ કરતાં લોકો પર રહેતી હોય છે. આ વાતની સાબીતી આપતી ઘટના રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે. સરધારના એક વેપારીએ સળીયા લેવા માટે ઇન્ટરનેટ પર ઇન્ડિયા માર્ટ ઉપર સર્ચ કર્યુ હતું. બાદમાં એક ગઠીયાએ તેનો ફોનથી સંપર્ક કરી પોતે મોટી મોટી જાણીતી કંપનીઓનો સળીયાનો ડીલર છે એવી ફાકાફોજદારી કરી વેપારીને આંજી દીધા હતાં. પુરતી તપાસ કર્યા વગર જ વેપારીએ ભાગીદારો સાથે મળી ઓર્ડર આપી દઇ ઓનલાઇન સાડા ચૌદ લાખથી વધુ રૂપિયા તેને મોકલી દીધા હતાં. પરંતુ બાદમાં ગઠીયાએ સળીયાના નામે ઠેંગો દીધો હતો અને ફોન બંધ કરી દીધો હતો.




એક જ ઓનલાઇન સર્ચ વેપારીને લાખોમાં પડી ગઇ તેની ઘટના જોઇએ તો શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ઓનલાઈન છેતરપિંડીના કિસ્સાઓ સતત વધી રહ્યા છે ત્યારે રાજકોટના સરધાર ગામના એક વેપારી સાથે ઓનલાઈન સળીયાના માલની સપ્લાયના નામે રૂ. ૧૪.૪૦ લાખની ઠગાઈ થઈ હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં દાખલ થતાં તપાસ શરૂ થઇ છે. આ બનાવમાં સરધારમાં પ્લોટ વિસ્તારમાં સ્વામિનારાયણ મંદિર નજીક અવેડા પાસે રહેતાં અને ઉમા શક્તિ એન્ટરપ્રાઇઝ નામે વેપાર કરતાં અઠ્ઠાવીસ વર્ષના વેપારી યુવાન હીરેનભાઇ હરેશભાઇ કાશીપરાની ફરિયાદ પરથી સાયબર ક્રાઇમ પોલીસે વ્હોટ્સએપ નંબરના ધારક અને યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના ખાતાધારક સામે ગુનો નોંધ્યો છે.

આ ઘટનાની વધુ વિગત મુજબ વેપારી હિરેનભાઇએ ગત ડિસેમ્બર-જાન્યુઆરી મહિનામાં ઇન્ડિયા માર્ટ પોર્ટલ પર આઠ એમએમના ટીએમટી સળીયા માટે ઇન્કવાયરી કરી હતી. આ પુછપરછના આધારે તા. ૦૧/૦૧/૨૦૨૬ના રોજ તેમને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર શખ્સે પોતાની ઓળખ કેશવ ઝા તરીકે આપી હતી અને પોતે કેશવ એન્ટરપ્રાઇઝમાંથી બોલતો હોવાનું જણાવ્યું હતું. આરોપીએ વિશ્વાસ જીતવા માટે પોતે ટાટા, જેએસડબલ્યુ અને દુર્ગાપુર જેવી પ્રતિષ્ઠીત કંપનીઓનો ડીલર હોવાનો દાવો કર્યો હતો.

એટલુ જ નહિ તેણે સસ્તા ભાવે માલ આપવાની લાલચ આપી હતી. વેપારી હીરેનભાઈને તેની વાત પર વિશ્વાસ બેસતાં તેણે પોતાના ભાગીદારોને પણ વાત કરી હતી. આ પછી હીરેનભાઇ અને તેમના ભાગીદારોએ ૩૦ ટન સળીયાના માલ માટે રૂ. ૧૪,૪૦,૦૦૦નો સોદો નક્કી કર્યો હતો. આ સોદા પેટે હીરેનભાઇએ બે કટકે ૧૨,૦૦,૦૦૦ અને ૨,૪૦,૦૦૦ કેશવે જણાવેલા યુનિયન બેંકના ખાતામાં ટ્રાન્સફર કર્યા. કુલ રૂ. ૧૪.૪૦ લાખ મેળવી લીધા બાદ કેશવે માલ મોકલવાને બદલે ખોટા બહાના બતાવવાનું શરૂ કર્યું હતું.

અંતે ફોન ઉપાડવાનું બંધ કરી દેતા અને સંપર્ક કાપી નાખતા વેપારીને પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો. આ બાબતે હીરેનભાઈએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના એએસઆઇ વી. એન. કુછડીયાએ ગુનો નોંધી દાખલ કરતાં પીઆઇ એસ. ડી. ફુલતરીયાએ તપાસ શરૂ કરી છે. કોઈપણ અજાણી વ્યક્તિ સાથે ઓનલાઈન આર્થિક વ્યવહાર કરતા પહેલા ખરેખર જે તે વ્યક્તિ શું કરે છે? કોણ છે? તે સહિતની તપાસ કરવી જરૂરી છે.

ઠગાઇની બીજી ઘટના જોઇએ તો આજીડેમ પોલીસે કોઠારીયા રોડ ખોડલધામ સોસાયટી-૭ શેરી નં. ૨માં 'મા બાલવી કૃપા' ખાતે રહેતાં અને મજુરી કરતાં ચુમાલીસ વર્ષના નિતેશભાઇ બાબુભાઇ પીઠવાની ફરિયાદ પરથી ધીરજભાઇ, કાનાભાઇ મેરામભાઇ બદીયાવદરા, હિરેનભાઇ નાથાભાઇ લાઠીયા અને ચેતનભાઇ પાણખાનીયા તથા તપાસમાં ખુલે તેની સામે ગુનો નોંધ્યો છે.

નિતેશભાઇ પીઠવાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને મજુરી કરી ગુજરાન ચલાવુ છું. હું મારા ઘરે ફોનમાં મારી ફેસબૂક આઇડી ચેક કરતો હતો ત્યારે મેં ઇન્ટીફાય સોલાર પ્રાઇવેટ લિમીટેડ નામની સોલાર પેનલ માટેની જાહેરાત જોઇ હતી. જેમાં જણાવેલા મોબાઇલ નંબર ૯૭૭૩૦ ૫૦૯૬૪ ઉપર ફોન કરતાં આ ફોન રીસીવ કરનારે પોતે ધીરજભાઇ બોલે છે તેવી વાત કરી હતી. બાદમાં મેં મારા ઘરે સોલાર પેનલ ફીટ કરાવવી છે તેવુ કહેતાં તેણે કહેલું કે-અમારી કંપની બજાર ભાવ કરતાં સસ્તામાં, સારી ક્વોલીટીની સોલાર પેનલ ફીટ કરી આપશે.

આથી મેં હા પાડી હતી. બાદમાં ધીરજભાઇએ મને વ્હોટ્સએપમાં રૂા. ૧,૪૮,૦૦૦નું કોટેશન મોકલ્યું હતું. આઠેક દિવસ બાદ ધીરજભાઇ મારી અગાસીનું માપ લઇ ગયા હતાં. એ પછી તેણે ફોન કરી કોટેશનના પૈસાની વાત કરતાં મેં લોન કરાવવી છે તેમ કહેતાં તેણે બજાજ ફાયનાન્સમાંથી લોન થઇ જશે તેમ કહ્યું હતું. એ પછી બજાજ ફાયનાન્સના નામે મારા પર ફોન આવ્યોહ તો. મેં મારા પત્નિનું અધાર કાર્ડ, પાન કાર્ડ, બેંક ડિટેઇલ, લાઇટ બીલના ગ્રાહક નંબર આપ્યા હતાં. એ પછી બજાજ ફાયનાન્સમાંથી લોન મંજુર થઇ ગયાનો ૬/૧૧ના રોજ મને ફોન આવ્યો હતો.

ધીરજભાઇએ ત્યારે કહેલું કે ૮૦ ટકા એટલે કે ૧,૩,૧૦૦૦ની લોન મંજુર થઇ છે. આ રૂપિયા કંપનીના એકાઉન્ટમાં આવી ગયા છે. બાકીના ૧૬૦૦૦ તમારે આપવા પડશે. જેથી તેણે મોકલેલા સ્કેનરમાં મેં ૧૬૦૦૦ ટ્રાન્સફર કરી દીધા હતાં. આ પછી પંદરેક દિવસ વીતી જવા છતાં કામ ચાલુ ન થતાં મેં ધીરજભાઇને આ બાબતે ફોન કરી પુછતાં તેણે તમારે ત્યાં જે પેનલ નાંખવાની છે તે કંપની પાસે હાલ નથી, હજુ પંદરેક દિવસ લાગશે તેમ કહ્યું હતું.

આ પછી હું જ્યારે પણ પેનલ બાબતે ફોન કરતો ત્યારે ધીરજભાઇ નવા નવા બહાના ધરી દેતો હતો. એ દરમિયાન બજાજ ફાયનાન્સની લોનના બે હપ્તા પણ મારા પત્નિના એકાઉન્ટમાંથી કપાઇ ગયા હતાં. એ પછી મેં ફરી ફોન કરતાં ધીરજભાઇનો ફોન બંધ હતો. બાદમાં બજાજ ફાયનાન્સવાળા મારા ઘરે સોલાર પેનલ જોવા આવ્યા હતાં. પરંતુ અહિ કોઇ પેનલ ફીટ થઇ નહોતી. ત્યારે ખબ પડી હતી કે આ આખી ટોળકી આ પ્રકારના ફ્રોડ આચરે છે. હેડકોન્સ. એસ. જે. ચૌહાણે ગુનો દાખલ કરતાં વધુ તપાસ શરૂ થઇ છે. જામનગર પોલીસે આ ટોળકીને પકડતાં આવા સો જેટલા ફ્રોડનો ભેદ ખુલ્યો હતો.

---

### પૈસાની ખેંચ દુર કરવા લાદીકામનો કારીગર મજુર મારફત લિંક મેળવી ટ્રેન મારફત બીજા રાજ્યમાં પહોંચ્યો

# શરદ ઓરિસ્સાથી ગાંજો લાવ્યોઃ વેંચે એ પહેલા પકડાયો

## SOG PI સંજયસિંહ જાડેજા, પીએસઆઇ વિજયસિંહ ઝાલાની ટીમને વધુ એક સફળતાઃ હજાર ભાડુ લઇ મદદ કરવા પહોંચેલા રિક્ષાચાલકની પણ ધરપકડઃ ૧.૯ લાખનો ગાંજો કબ્જે

રાજકોટ,તા.૬

શહેરના સ્પેશીયલ ઓપરેશન ગ્રુપની ટીમે વધુ એક વખત ગાંજાની હેરાફેરીનો પર્દાફાશ કરી બાપુનગરમાં રહેતાં એક શખ્સને અને માંડા ડુંગર પાસે રહેતાં રિક્ષાચાલકને પકડી લીધા છે. બાપુનગરમાં રહેતો અને લાદી કામ કરતો શરદ નામનો શખ્સ કોઇ મજુર મારફત કે કોઇપણ રીતે લીંક મેળવી છેક ઓરિસ્સા ગયો હતો અને ગાંજો લાવ્યો હતો. જો કે તે રાજકોટમાં આ ગાંજો વેંચે એ પહેલા જ પકડી લેવાયો હતો. તેને મદદ કરનારા માંડા ડુંગરના રિક્ષાચાલકને પણ પકડી લેવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો વધુ એક વખત નશીલા દ્રવ્યની માદક હેરાફેરીનો એસઓજીની ટીમે પર્દાફાશ કરી બે શખ્સને પકડી લીધા છે. જીલ્લા ગાર્ડન પાસે બાપુનગરમાં રહેતાં અને લાદી કામની મજૂરી કરતાં શખ્સને તથા માંડા ડુંગરના રિક્ષાચાલકને કુવાડવા વાંકાનેર રોડ પર સણોસરા ગામના બસ સ્ટેશન પાસેથી રૂા. ૧,૦૯,૬૫૦ના ગાંજા સાથે પકડી લેવાયા છે. લાદીકામનો કારીગર આ ગોંજો વેંચવા માટે ઓરિસ્સાથી લાવ્યો હતો. તે આમાંથી રિક્ષાચાલકને થોડો ગાંજો પીવા માટે આપવાનો હતો અને પોતાને નિયત સ્થળે મુકી જવા માટે એક હજાર ભાડુ પણ ચુકવવાનો હતો. શહેરમાં યુવાધન માદક પદાર્થના રવાડે ન ચડે અને આવા પદાર્થની હેરાફેરી ન થાય તેમજ વેંચાય કે સેવન ન થાય તે માટે સે નો ટુ ડ્રગ્સ ઝુંબેશ ચાલી રહી છે. ઝુંબેશના આ ભાગ રૂપે એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ ફિરોઝભાઇ રાઠોડ અને કોન્સ. હાર્દિકસિંહ પરમારને મળેલી બાતમી પરથી કુવાડવા વાંકાનેર હાઇવે પર સુર્યા રામપરા ગામના બસ સ્ટેશન પાસે દરોડો પાડી રિક્ષા નં. જીજે૦૩સીટી-૬૨૪૭ સાથે બે શખ્સને પકડી લીધા હતાં. પાછળ બેઠલા શખ્સ પાસે ગાંજો હોવાની પાક્કી બાતમી હોઇ તેની તલાશી લેતાં શંકાસ્પદ પદાર્થ મળ્યો હતો. એફએસએલ અધિકારી કે. એમ. તાવીયા પાસે પરિક્ષણ કરાવતાં આ પદાર્થ ગાંજો હોવાનું સ્પષ્ટ થયું હતું. એસઓજીએ રૂા. ૧,૦૯,૬૫૦નો ૨ કિલો ૧૯૩ ગ્રામ ગાંજો, બે મોબાઇલ ફોન, રિક્ષા, રોકડા રૂા. ૩૬૦ મળી કુલ રૂા. ૩,૨૦,૦૩૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.





જેની પાસેથી ગાંજો મળ્યો તેની પુછતાછ થતાં પોતાનું નામ શરદ ઉર્ફે શીવો દિલીપભાઇ ભરખડા જણાવ્યું હતું. ત્રીસ વર્ષનો આ શખ્સ બાપુનગર કાંટા પાસે રહેણાંક ધરાવે છે અને હાલ ૮૦ ફુટ રોડ, હાલ યાદવનગર-૧માં રહે છે. જ્યારે રિક્ષાચાલકે પોતાનું નામ સોયેબ ઇમ્તિયાઝભાઇ ચૌહાણ જણાવ્યું હતું. ઓગણત્રીસ વર્ષનો આ શખ્સ રઘુનંદનન સોસાયટીનો ઢાળીયો ઉતરતાં શેરીમાં, માંડા ડુંગર પાસ રહે છે. શરદે પુછતાછમાં કબુલ્યું હતુ કે પોતે લાદીકામની મજૂરી કરે છે. પૈસાની ખેંચ હોવાથી તે વેંચવા માટે ગાંજો લાવ્યો હતો. ઓરિસ્સા ખાતે તે ગયો હતો અને ત્યાંથી આ ગાંજો લાવ્યો હતો.

પોતે ટ્રેન મારફત આવ્યા બાદ વાંકાનેરથી તેને રિક્ષાવાળો સોયેબ તેડવા આવ્યો હતો. અગાઉથી જ તેણે સોયેબને પોતે ગાંજો લઇને આવે છે તેમાંથી પીવા માટે આપશે અને ભાડાના ૧ હજાર આપશે તેમ જણાવ્યું હોઇ સોયેબને પણ પકડી લેવાયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત એસઓજી પીઆઇ સંજયસિંહ એમ. જાડેજા, પીઆઇ એસ. ડી. ગીલવા, પીએસઆઇ વી. કે. ઝાલા, એએસઆઇ ઇન્દ્રસિંહ જાડેજા, ફિરોઝભાઇ રાઠોડ, અરૂણભાઇ બાંભણીયા, હેડકોન્સ. મૌલિકભાઇ સાવલીયા, કોન્સ. હાર્દિકસિંહ પરમાર, યોગેન્દ્રસિંહ ઝાલા, ડ્રા. કોન્સ. મહાવીરસિંહ જાડેજા અને નિર્મળસિંહ ઝાલાએ આ કામગીરી કરી હતી. મોટે ભાગે ગાંજાનું સુરત કનેકશન નીકળતું હોય છે. પણ આ વખતે ઓરિસ્સાથી આ પદાર્થ લાવવામાં આવ્યો હતો.

---

### ગારીયાધારના વિકીએ ચોરી માટે બે બાળ કિશોરને રાખ્યાથતા સાથે : રોકડ ૨.૫૮ લાખ અને હુન્ડાઇ કાર સહિત ૭.૮૫ લાખનો મુદ્દામાલ કબજે

# રેસકોર્ષમાંથી ઝડપાયેલા બે બાળ કિશોર સહિત ત્રણે ૧૦ ચોરી કબુલી

રાજકોટ, તા.૬

શહરમાં કોઠારીયા રીંગ રોડ પરની ગોકુલ ફરસાણ અને હુડકો શાકમાર્કેટ પાસેની કટલેરીની દુકાનમાં ચોરી કરનાર ગારીયાધારના વીકી વેલસી શેખલીયા અને બે બાળ કિશોરને રોકડ તેમજ હુન્ડાઇ કાર મળીને ૭.૮૫ લાખના મુદ્દામાલ સાથે રેસકોર્ષ મેદાનમાંથી ઝડપી લીધા છે. ત્રણેયે રાજકોટની બે અને ભાવનગર, નવસારી, ચીખલી સહિતની ૮ ચોરીઓ કબુલી છે. હવે ત્રણેયને રિમાન્ડ પર લેવા ક્રાઈમબ્રાંચે તજવીજ હાથ ધરી છે.

ડીસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ ચૌહાણ, પ્રદીપસિંહ જાડેજા, રાહુલભાઈ ગોહેલ અને તુલસીભાઈ ચુડાસમાને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે પાંચેક દિવસ પહેલા કોઠારીયા રીંગ રોડ, લિજ્જત પાપડ પાસે, ગોકુલ ફરસાણ નામની દુકાન તેમજ હુડકો શાકમાર્કેટ પાસે કટલેરીની દુકાનમાંથી રોકડા રૂપિયાની ચોરી કરનાર એક આરોપી તેમજ બે બાળ કિશોર રેસકોર્સ મેદાનમાં આટા ફેરા કરી રહ્યા છે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ ડામોર, સી.એચ. જાદવ પીએસઆઇ ડી.પી. ઝાલા, એ.એન.પરમાર, એસ.વી ચુડાસમા, આર.કે ગોહિલ, એએસઆઈ અમિતભાઈ રાવત, દિગ્પાલસિંહ જાડેજા, અશોકકુમાર કલાલ, વિજયરાજસિંહ જાડેજા, સમીરભાઈ શેખ, સહિતનો કાફલો રેસકોર્ષ મેદાનમાં ત્રાટક્યો હતો. ત્યાં રખડતા બે બાળ કિશોર તેમજ એક પુખ્ત વયના મળી ત્રણને રોકીને આકરી પૂછપરછ કરતા તેમજ તેમની તલાસી લેતા ત્રણેય પાસેથી ૭.૮૫ લાખનો મુદ્દામાલ મળ્યો હતો. ગારીયાધારના વિકિ નામના શકશે અત્યાર સુધીમાં ઘણી ચોરીને અંજામ આપ્યો હોવાને કબુલાત આપી હતી તેમજ દરેક ચોરીમાં બે બાળકોને સાથે રાખ્યાનો કબૂલ્યું છે પકડાયેલા ત્રણેય આરોપીઓએ રાજકોટની બે તેમજ ભાવનગરના સણોસરા વાંસદ, ચીખલી બસ સ્ટેશન સામેની પ્લાસ્ટિકની દુકાનમાંથી તેમજ બિયારણની દુકાનમાંથી ઉપરાંત નવસારી હાર્ડવેરની દુકાનમાંથી ભાવનગરમાં તળાવ વિસ્તારમાં કાજુ બદામની દુકાનમાંથી તેમજ ભાવનગરમાં તળાજા બસ સ્ટેશન પાસે હાર્ડવેરની દુકાનમાં કરેલી ચોરીઓ કબૂલી છે પોલીસના જણાવ્યા પ્રમાણે પકડાયેલ ત્રણ આરોપીઓમાં બે બાળ કિશોરો છે. તેમજ એક ગારીયાધાર, પચ્છેગામ રોડ, ધોબીધાર પર રહેતો વિકી વેલસી શેખલીયાનો સમાવેશ થાય છે વિકીએ બે બાળકીશોરોને સાથે રાખીને અનેક જગ્યાએ ચોરીઓનો અંજામ આપ્યો છે

એ સિવાય વિકી અગાઉ કચ્છ પૂર્વે સામખયારી, રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી, ભાવનગરના ગારીયાધાર પોલીસ સ્ટેશન મળી ચાર ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે હાલ શહેર ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે ભક્તિનગર પોલીસ તેમજ આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે ત્રણે આરોપીની મોડસ ઓપરેન્ડી જણાવતી પોલીસે કહ્યું હતું કે, કાયદાના સંઘર્ષમાં આવેલા બાળ કિશોરો પોતાના કબજાની હુન્ડાઈ કારમાં ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ જઈ, દુકાનોમાં રેકી કરી, મોટી ઉંમરના વ્યક્તિઓ દુકાન સંભાળતા હોય તે જગ્યાએ પહોંચીને, ચીજ વસ્તુ ખરીદવાના બહાને તેઓને વાતોમાં પરોવી, દુકાનદારને નજર ચૂકવી, દુકાનના થડા-ખાનામાં રાખેલા રોકડા ચોરી જવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે

---

### અણધારી વસમી વિદાયઃ વધુ પાંચ પરિવારોને આપી ગઇ કારમો આઘાત

# જીવરાજ પાર્ક પાસે હીટ એન્ડ રનમાં વૃધ્ધની જિંદગી ખતમ

## ઘરેથી વોકીંગમાં નીકળ્યા અને કારવાળો ઠોકર મારી ભાગી ગયોઃ અન્ય બનાવમાં બાંધકામ સાઇટ પર કોન્ટ્રાકટરનું હૃદય બંધ પડ્યુંઃ મંદિરે અને ઘરે બેભાન થઇ જવાથી બે પ્રૌઢ અને એક વૃધ્ધની જિંદગીની સફરનો અંત

રાજકોટ,તા.૬

અલગ અલગ કારણોસર અલગ અલગ પરિવારના સ્વજનોએ કાયમી વિદાય લઇ લેતાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. વાહન અકસ્માતની રોજબરોજ બની રહેલી ઘટનાઓ વચ્ચે નાના મવા જીવરાજ પાર્કનાએક પરિવારના મોભીનું હિટ એન્ડ રનના બનાવમાં મૃત્યુ થયું છે.

તેઓ ચાલીને જઇ રહ્યા હતાં ત્યારે કોઇ કારવાળો ઠોકર મારી ભાગી ગયો હતો. બીજી ઘટનામાં બાંધકામની સાઇટ પર હૃદય ધબકારા ચુકી જતાં કોન્ટ્રાક્ટરનો જીવ ગયો હતો. ત્રીજા બનાવમાં મંદિરે રહેતાં પ્રૌઢનું બેભાન થઇ જતાં અને એક વૃધ્ધ તથા એક પ્રૌઢના ઘરે બેભાન થઇ જયા બાદ શ્વાસ થંભી ગયા હતાં.



જીવલેણ વાહન અકસ્માતની ઘટના પર નજર કરીએ તો જીવરાજ પાર્કમાં રહેતાં ગોવિંદભાઇ જીણાભાઇ આસોદરીયા નામના પંચોતેર વર્ષના વૃધ્ધ રાતે ઘર નજીક ચાલીને જતાં હતાં ત્યારે અજાણ્યો કારચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવતાં અને સગાને જાણ કરતાં ગોવિંદભાઇને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ મોડી રાતે તેમણે દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે તાલુકા પોલીસને જાણ કરી હતી. ગોવિંદભાઇ નિવૃત જીવન જીવતાં હતાં. તેઓ એક બહેનથી મોટા હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પોલીસે અકસ્માત સર્જી ભાગી ગયેલા કારચાલકની શોધખોળ હાથ ધરી છે.

બીજા બનાવ પર નજર કરીએ તો રેલનગરમાં રહેતાં બાંધકામ કોન્ટ્રાક્ટર અવધ રોડ પર સાઇટ પર હતાં ત્યારે ઢળી પડ્યા બાદ મૃત્યુ થયું હતું. રેલનગર સુંદરમ્ સીટીમાં રહેતાં કમલભાઇ હિમતભાઇ વેગડ નામના પંચાવન વર્ષના કડીયા પ્રૌઢ સાંજે સાડા પાંચેક વાગ્યે કાલાવડ રોડ અવધ રોડ પર ગોલ ટ્રોય નામે બાંધકામની સાઇટ ચાલુ હોઇ ત્યાં કોન્ટ્રાક્ટર તરીકે નોકરી પર હતાં ત્યારે એકાએક બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ સારવાર દરમિયાન મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર કમલભાઇ ચાર ભાઇમાં બીજા હતાં અને બાંધકામ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતાં હતાં. સંતાનમાં એક દિકરો છે. હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયાનું સગાએ જણાવ્યું હતું.

ત્રીજા બનાવમાં કુવાડવા નજીક સોખડા ચોકડીએ આવેલા મેલડી માતાજીના મંદિરે રહી સેવા પૂજા કરતાં મુળ સુરેન્દ્રનગરના વિપુલભાઇ મગનભાઇ સરેસીયા નામના પચાસ વર્ષના પ્રૌઢ મંદિરે બેભાન થઇ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને કરતાં હેડકોન્સ. વિપુલભાઇ ગોહેલે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક વિપુલભાઇબે ભાઇ અને બે બહેનમાં નાના તથા અપરિણીત હતાં. સગાના કહેવા મુજબ તે મુળ સુરેન્દ્રનગરના વતની હતાં. પણ વર્ષોથી સોખડા ચોકડીના મંદિરે જ રહેતાં હતાં. તેને શ્વાસની બિમારી હતી. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

અપમૃત્યુના ચોથા અને પાંચમા બનાવમાં લક્ષ્મીનગર-૬માં રહેતાં બાવન વર્ષના અશ્વીનભાઇ રાજુભાઇ વાઘેલા તથા વિરમાયા પ્લોટ-૪માં રહેતાં છાંસઠ વર્ષના રામજીભાઇ મેઘજીભાઇ રાઠોડ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ બંનેના મૃત્યુ થતાં પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો. અશ્વીનભાઇને સંતાનમાં એક દિકરો છે, પોતે સુથારી કામ કરતાં હતાં. જ્યારે રામજીભાઇને એક દિકરી અને બે દિકરા છે. પોતે સિક્યુરીટીની નોકરી કરતાં હતાં. બંનેને કેન્સરની બિમારી હોવાનું સગાઓએ કહ્યું હતું.


હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર અને પ્ર.નગર પોલીસને જાણ કરી હતી. આમ પાંચ અપમૃત્યુની ઘટનાઓ જે તે હતભાગી મૃતકોના સ્વજનોને કારમો આઘાત આપી ગઇ હતી.

### શાંત શહેર રાજકોટમાં ક્યારે કોણ શા માટે ઉકળી ઉઠે તે કહેવું મુશ્કેલ

# કડછા-કોયતા-છરી-ધોકા ઉડ્યા: પાંચ ઘાયલ થયા

## પાનની દૂકાને ફાકી ખાઇ રહેલા અવેશે સામુ જોતાં હુશેન ઉર્ફે ભાણાએ તેને વાંસામાં ચાનો કડછો ઠોકી દીધો: આટલુ ઓછુ હોય એમ બાદમાં ટોળકી રચી અવેશના ઘરે પહોંચી મચાવી દીધી ધમાલ: ફરિયાદ કરે તો આખા ખાનદાનને મારી નાંખવાની ધમકી: નવ જણાની ટોળકી સામે એ-ડિવીઝન પોલીસે કરી કાર્યવાહી



રાજકોટ,તા.૬

શાંત અને મોજીલા રંગીલા રાજકોટ શહેરમાં લોકો નહિ જેવી વાતે એક બીજા પર હાથમાં આવે એ હથીયારથી તૂટી પડતા હોય છે. વધુ એક વખત આવી જ ઘટના બની છે. જેમાં સામુ જોવા જેવી વાતે પાનની દુકાને એક યુવાનને બીજા શખ્સે ચાનો કડછો વાંસામાં ફટકારી દીધો હતો. આટલુ ઓછુ હોય એમ આ હુમલાખોર બીજા પોતાના આઠેક સાગ્રીતોને બોલાવી લાવી યુવાનના ઘરે પહોંચી ગયો હતો અને ઘર પર સોડા બોટલો, પથ્થરોના ઘા કરી યુવાન તેમજ તેના પરિવારજનો પર છરી, ધોકા, કોયતાથી હુમલો કરી લોહીલુહાણ કરી નાંખ્યા હતાં. બનાવને પગલે વિસ્તારમાં દેકારો મચી ગયોહ તો.

વિગતો પર નજર કરીએ તો જીલ્લા ગાર્ડન પાસે ઘાંચીવાડમાં રાતે મારામારી થતાં શેરી નં. ૬માં રહેતાં પંચાવન વર્ષના નસિરૂદ્દીનભાઇ અબ્દુલભાઇ ઘોણીયા, તેના ભત્રીજા ઓગણીસ વર્ષના અમન રફિકભાઇ ઘોણીયા, અમનના માતા પચાસ વર્ષના નઝમાબેન રફિકભાઇ ઘોણીયા તેમજ અઠ્ઠાવીસ વર્ષના અવેશ નસિરૂદ્દીનભાઇ ઘોણીયાને ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં સારવાર માટે દાખલ કરાયા હતાં. બનાવની જાણ થતાં એ-ડિવીઝન પોલીસે હોસ્પિટલે પહોંચી અવેશ નસિરૂદ્દીનભાઇ ઘોણીયાની ફરિયાદ પરથી ઘાંચીવાડના જ હુશેન ઉર્ફે ભાણો હારૂનભાઇ સંધી, માહિર મેમણ, સુફી સલીમભાઇ સંધી, અરબાઝ ઉર્ફે અબો અલ્તાફભાઇ દોઢીયા, સૈફુ સલીમભાઇ સંધી, સલમાન ઉર્ફે ભોદીયો ચૌહાણ, આદીલ સિપાહી અને દેવો કાથડ તથા તપાસમાં ખુલે તેની સામે એફઆઇઆર દાખલ કરી હતી.

આ બાકાઝીકી કયા કારણોસર બની? તેની વિગતો જોઇએ તો અવેશ પરિવાર સાથે રહે છે અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેની સાથે પિતા નસરૂદીનભાઇ, બહેન સુમેરાબેન સાથે રહે છે. તેની બાજુમાં તેના કાકા રફીકભાઇ ઘોણીયા, કાકી નઝમાબેન, તેના દિકરાઓ અમન અને ફહદ રહે છે. અવેશએ ફરિયાદમાં જણાવ્યું હતું કે મંગળવારે રાતે નવેક વાગ્યે હું ઘરેથી જમીને મારૂ એકટીવા જીજે૦૩કેઆર-૦૫૬૦ લઇને જીલ્લા ગાર્ડન ચોક ખાતે ભારત હોટેલ પાસે ફાકી ખાવા માટે ગયો હતો. ત્યા મારા ફુવા નિઝામભાઇ અગવાન ભેગા થતાં અમે બંને ફાકી ખાઇને થોડી વાર ઉભા હતાં.

તે વખતે ત્યાં હુશેન ઉર્ફે ભાણો સંધી કોઈની સાથે જોર-જોરથી બોલતો હોઇ મેં તેની સામે જોયું હતું. આથી હુશેને મને તું કેમ મારી સામે જોવે છે? કહી સીધી નેફામાંથી છરી કાઢી-આ તને ઘાલી દઇશ તેમ કહી ગાળ દીધી હતી. બાદમોં બાજુના ચાના કીટલા પાસેથી કડછો લઇને મને વાંસાના ભાગે મારી દીધો હતો. જેથી હઅુ ત્યાંથી નીકળી મારા ઘરે જતો રહ્યો હતો. થોડીવાર બાદ હુશેન ઉર્ફે ભાણો મારા ઘર પાસે આવ્યો હતો અને બેફામ ગાળો બોલતો હતો. જેથી મારા પિતા નસિરૂદ્દીનભાઇ તેને સમજાવવા ગયા હતાં. પરંતુ તેણે ગાળો બોલવાનું ચાલુ રાખ્યું હતું. બાદમાં તેણે ફોન કરતાં થોડીવારમાં જ બીજા શખ્સો માહીર મેમણ અને સુફી સંધી આવ્યા હતાં.

બાદમાં ત્રણેયએ મળીને મને તથા મારા પિતાજીને ગાળાગાળી કરી ત્રણેય ઝપાઝપી કરવા લાગેલ હતા. આ દરમિયાન અરબાઝ ઉર્ફે અબો તથા નોઈનખાન લાકડાના ધોકા સાથે તથા સૈફુ સંધી કોયતા જેવુ હથીયાર લઇને આવ્યા હતાં. તેમજ સલમાન ઉર્ફે ભોદીયો તથા આદીલ, દેવો કાથડ પણ સોડા બોટલો અને પથ્થર સાથે આવ્યા હતાં અને અમારા ઘર પર આડેધડ ઘા ચાલુ કર્યા હતાં. તે વખતે મારા ઘરમાંથી મારા બહેન સુમેરાબેન તથા પિતા તેમજ બાજુમાંથી મારા કાકા રફીકભાઇ, કાકી નઝમાબેન સહિતના બહાર આવ્યા હતાં અને આ બધાને સમજાવવા જતા આ બધાએ તેમને ઘેરી લઇને ઢીકા પાટુનો મુંઢ માર માર્યો હતો.

આ વખતે અરબાઝ, નોઇને મારા પિતા, કાકાને ધોકાથી માર માર્યો હતો. કાકાનો દિકરો અમન વચ્ચે પડતાં તેને પણ કોયતાથી ઇજા પહોંચાડીહ તી. મારા બહેન સુમેરાબેન, કાકી નઝમાબેનને પણ આ લોકોએ મુંઢ માર માર્યો હતો. તેમજ મારા એક્ટીવામાં ધોકા ફટકારી તોડફોડ કરી હતી. દરમિયાન પોલીસ આવી જતાં આ બધા ભાગી ગયા હતાં. જતાં જતાં અરબાઝ અને હુશેન ઉર્ફે ભાણાએ જો ફરીયાદ કરીશ તો તને તથા તારા પરીવારને જીવતા નહી રહેવા દઉં તેવી ધમકી આપી હતી. બાદમાં ૧૦૮ કોઇએ બોલાવતમાં મને, મારા પિતા, કાકા, કાકાના દિકરા, કાકીને હોસ્પિટલે ખસેડ્યા હતાં. એ-ડિવીઝનના પોલીસ ઇન્સ્પેકટર જે. વી. વાઢીયાના માર્ગદર્શનમાં હેડકોનસ. આર. આર. બાવળવાએ ગુનો દાખલ કર્યો હતો. આરોપીઓને પકડી લેવા તપાસ આગળ ધપાવાઇ હતી.

### સાયબર ગઠીયાઓએ વધુ એક વખત સોશિયલ મિડીયા અને યુવતિના નામનો કર્યો ઉપયોગ

# બ્રહ્મી કપાસીયાએ ‘ચેટીંગ’ કરી ૨૬ લાખનું ‘ચીટીંગ’ કર્યુ

રાજકોટ,તા.૬

ગઠીયાઓ કેવા કેવા ગતકડા વહેતા કરીને લોકોને છેતરે છે તેનો વધુ એક નવતર કિસ્સો સામે આવ્યો છે. ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસ-ટીસીએસના નામે એક ગઠીયાએ બોગસ વેબસાઇટ બનાવી એક રોકાણકારને છેતરીને છવ્વીસ લાખ પડાવી લીધા છે. ઇન્વેસ્ટમેન્ટના નામે બોગસ વેબસાઈટ તેમજ બોગસ ડિજિટલ એકાઉન્ટ બનાવી અનેક ઘણો નફો બતાવીને છેતરપિંડી કરવાના બનાવો સતત બની રહ્યા છે ત્યારે આ જ પ્રકારના વધુ એક બનાવમાં યુવાને લાખો ગુમાવી દીધા છે. આ વખતે પણ ગઠીયાઓએ ફેસબૂકનો અને યુવતિના નામનો સહારો લીધો હતો. બ્રહ્મી કપાસીયા નામની યુવતિએ ફેસબૂક પર આ રોકાણકાર યુવાન સાથે ચેટ કરી બાદમાં તેને પોતાનો શિકાર બનાવી રોકાણના નામે નાણા પડાવી લીધા હતાં.



**રોકાણકાર યુવાન સાથે પહેલા મિત્ર બની વાતો કરી પછી ટાટા કન્સલ્ટન્સી સર્વિસમાં રોકાણના નામે બોગસ વેબસાઇટમાં રોકાણ કરાવડાવી નાણા ઉસેડી લીધા: ખાતામાં ઓગણચાલીસ લાખનું બેલેન્સ બતાવતું હતું પણ મળ્યા માત્ર સોળ હજાર**

વિગતો પર નજર કરીએ તો આ બનાવ વડોદરામાં બન્યો છે. અહિના બિલ વિસ્તારમાં સત્યમ ટેનામેન્ટ ખાતે રહેતા અને ખાનગી કંપનીમાં ભરત બજાવતા દીપકભાઈ રાજે પોલીસને કહ્યું છે કે મારે ફેસબુક પર બ્રમ્હી કપાસિયા નામની યુવતીનો સંપર્ક થયો હતો. ચેટ દ્વારા વાતચીત કરી સ્ટોક માર્કેટમાં રોકાણ કરવા માટે સલાહ આપી હતી. ત્યારબાદ યુવતીએ એક મોબાઈલ નંબર મોકલ્યો હતો. જેના પર મેં વાત કરતા મને એક લિંક મોકલવામાં આવી હતી અને આ લિંક દ્વારા વોટ્સએપ ગ્રુપમાં જોઈન્ટ કરવામાં આવ્યો હતો. જેમાં મને આઇપીઓની માહિતી આપવામાં આવતી હતી. ત્યારબાદ મને બીજા એક ગ્રુપમાં જોઈન કરવામાં આવ્યો હતો.

તેમજ વેબસાઈટ ઉપર ક્યુ.આઈ. બી સ્ટોક માર્કેટનું એકાઉન્ટ પણ ખોલવામાં આવ્યું હતું. યુવકે પોલીસને કહ્યું છે કે થોડા સમય પછી વેબસાઈટ બદલાઈ ગઈ હતી અને આ સાઇટ ઉપર મારી પાસે રજીસ્ટ્રેશન કરાવી એકાઉન્ટ એક્ટિવેટ કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ મને સાઈટ મારફતે કસ્ટમર સપોર્ટમાં લઈ જવાયો હતો જેમાં એક બેંક એકાઉન્ટ આપવામાં આવ્યો હતો. તા ૨૨મી ડિસેમ્બરે મેં રૂ.૧૦ હજાર ભરી ટ્રેડિંગ કરતા મારા ખાતામાં રૂ.૧૧૯૭૨ જમા થયા હતા. જે રકમ મેં ઉપાડીને મારા એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી હતી. યુવકે કહ્યું છે કે ત્યારબાદ મેં ૧૨,૦૦૦ ડિપોઝિટ કરાવી ટ્રેડિંગ કર્યું હતું. મને વિશ્વાસ આવી જતા ટુકડે ટુકડે કુલ રૂ ૨૬ લાખ જેટલી રકમ જમા કરાવી હતી.

પરંતુ મારી ડિપોઝિટ કરેલી રકમની સામે માત્ર મને અત્યાર સુધી ૧૬ હજાર રૂપિયા જ મળ્યા છે.મારા ખાતામાં ૩૯.૮૫ લાખનું બેલેન્સ દેખાતું હોવા છતાં મને રૂપિયા પરત મળતા નથી. ઓનલાઇન ઠગોએ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ એન્ડ કેપિટલ જી ગ્રુપના નામે બોગસ વેબસાઈટ બનાવી મારી સાથે જ છેતરપિંડી કરી હોવાનું જણાઈ આવતા આખરે સાયબર સેલને જાણ કરી હતી જેથી સાયબર સેલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમ વધુ એક વખત ઓનલાઇન ફ્રોડ આચરતી ટોળકીએ રોકાણના નામે ઠગાઇ કરી છે. જો કે આ વખતે નામી જાણીતી કંપનીના નામે બોગસ વેબસાઇટ બનાવી તેના મારફત આ ઠગાઇ કરી હતી. અવાર-નવાર ગઠીયાઓ ફેસબૂક કે બીજા સોશિયલ મિડીયા માધ્યમથી પોતાની ટોળકીમાં સામેલ યુવતિને જે તે વેપારી કે યુવાન સાથે વાત કરાવે છે અને ચેટીંગ સહિતની વાતવીચ બાદ કાવતરાના ભાગરૂપે આ યુવતિ કે પછી યુવતિના નામે વાત કરતા ગઠીયા મારફત જે તે શિકારને રોકાણ કરવાની લાલચ અપાય છે અને શરૂઆતમાં નાના રોકાણ ઉપર તેને નફો પણ આપી બાદમાં મોટી રકમનું રોકાણ કરવા લલચાવી તેને લાખોનો ચૂનો લગાડી દેવામાં આવે છે. આ કિસ્સામાં પણ ગઠીયાઓએ બ્રહ્મી કપાસીના નામનો ઉપયોગ કરી રોકાણકાર યુવાનને શિકાર બનાવી છવ્વીસ લાખ ઉસેડી લીધા હતાં. પોલીસ હવે આ ઠગ ટોળકીને શોધવા મહેનત કરી રહી છે.

### અમુક લુખ્ખાઓને પોલીસનો જરાય ડર નથી: ખુલ્લેઆમ ગુંડાગુરી આચરી

# તું કાઇ બગાડી ન શકે કહી પરિણીતાની સાડી ખેંચી!

રાજકોટ,તા.૬

લુખ્ખા આવારા તત્વોને પોલીસનો ડર જ ન હોય એ રીતે તેઓ ગુના આચરી લેતાં હોય છે. દરમિયાન થોરાળા વિસ્તારમાં ત્રણ શખ્સોએ એક પરિણીતાની સરાજાહેર છેડતી કરી સાડી ખેંચી લઇ ગાળો ભાંડી હતી અને તારાથી કંઇ ન થાય, અમારું કંઇ તું બગાડી ન શકે તેવા બણગા માર્યા હતાં. આ પરિણીતાએ થોડા દિવસ પહેલા આ ત્રણ પૈકીના એક વિરૂધ્ધ અરજી કરી હતી. તેનો ખાર રાખી આ શખ્સે બીજા બે જણા સાથે મળી તેણીને ગાળો ભાંડી છેડતી કરી લઇ પોલીસને પડકાર ફેંક્યો હતો.

વિગતો પર નજર કરીએ તો નવા થોરાળા વિસ્તારમાં એક પરિણીતાએ થોડા દિવસ પહેલા કરેલી પોલીસ અરજીનો ખાર રાખી તેણી ટુવ્હીલર પર દરણુ દળાવવા જતી હતી ત્યારે જેના વિરૂધ્ધ અરજી કરી હતી એ શખ્સ સહિત ત્રણ જણાએ તેણીને આંતરી ગાળો દઇ તું મારુ કાંઇ બગાડી નહિ શકે તેમ કહી સરાજાહેર સાડી ખેંચી છેડતી કરતાં પરિણીતાએ બૂમાબૂમ કરી મુકતાં નજીકમાંથી સગા દોડી આવતાં આ ત્રણેય ભાગી ગયા હતા. આ બનાવમાં થોરાળા પોલીસે ચોવીસ વર્ષિય પરિણીતાની ફરિયાદ પરથી થોરાળા વિસ્તારના મયુર ખીમસુરીયા, જયદીપ ખીમસુરીયા અને જયુ ચાવડા વિરૂધ્ધ છેડતીનો ગુનો નોંધી ત્રણેયને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી હતી.

આ બનાવમાં ભોગ બનેલી પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને એક સંતાન છે તેમજ હું આંગણવાડીમાં નોકરી કરુ છું.



**જેના વિરૂધ્ધ ગૃહિણીએ થોરાળા પોલીસમાં અરજી કરી હતી એ શખ્સે ખાર રાખી બીજા બે જણા સાથે મળી કાયદોની ઐસીતૈસી કરી: થોરાળા પોલીસમાં એફઆઇઆર નોંધાઇ**

મંગળવારે સાંજે હું પતિનું એક્ટીવા લઇ એકલી મારા ઘરેથી વિજયનગરમાં ફ્લોર મીલ ખાતે દરણુ દળાવવા જતી હતી ત્યારે રસ્તામાં મેં ખુણા પર મારા વાહનનું હોર્ન વગાડતાં આગળ મયુર, જયદિપ અને જયુ ઉભા હોઇ ત્રણેયમાંથી મયુરે ‘તે કેમ પાંચ દિવસ પહેલા મારા વિરૂધ્ધ થોરાળા પોલીસમાં અરજી આપી છે? તું મારુ કાંઇ બગાડી શકે તેમ નથી’ તેવું કહી મને ગાળો દેવા માંડ્યો હતો. તેની સાથેના જયદીપ અને જયુ પણ મને ગાળો દેવા માંડ્યા હતાં. બાદમાં મયુર ખીમસુરીયાએ મારી સાડી ખેંચતાં મેં મોટા અવાજે રાડારાડી કરી મુકતાં તેણે સાડી મુકી દીધી હતી. આ દરમિયાન નજીકમાં જ રહેતાં મારા સગા આવી જતાં આ ત્રણેય ભાગી ગયા હતાં. બાદમાં અમે ૧૧૨માં ફોન કરી પોલીસ બોલાવી હતી અને ફરિયાદ કરી હતી.

અગાઉ મેં કરેલી અરજીનો ખાર રાખી મને ત્રણેયએ ગાળો દીધી હતી અને મયુરે સાડી ખેંચી છેડતી કરી હતી. તેમ વધુમાં તેણીએ જણાવતાં થોરાળા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. પી. સોઢાના માર્ગદર્શનમાં હેડકોન્સ. ડી. એચ. વાળાએ કાર્યવાહી કરી હતી.

### મેટ્રીમોનીયલ વેબ સાઇટ પરથી સંપર્ક કર્યો અને શિકાર બની ગયો

# લૂંટેરી દૂલ્હન ભેટી: દસ દિવસમાં જ છનનન્

## રોકડા-દાગીના ઉસેડતી ગઇ અને માથે જતાં ધમકી દીધી કે દર મહિને પચાસ હજાર નહિ આપ તો બળાત્કારના કેસમાં ફસાવી દઇશ: યુવાને પોલીસનું શરણું લીધું

રાજકોટ,તા.૬

લગ્નના સપના જોતાં અનેક યુવાનો અત્યાર સુધીમાં લૂંટેરી દૂલ્હન અને તેની ટોળકીનો ભોગ બની ગયા છે. દરમિયાન ઓનલાઇન શાદી ડોટ કોમના માધ્યમથી કન્યા શોધવા પ્રયાસ કરી રહેલા એક યુવાનને લેભાગુ લૂટેરી દૂલ્હન ભેટી ગઇ હતી. લગ્નના દસ જ દિવમસાં આ દૂલ્હન દાગીના, રોકડ લઇ ગાયબ થઇ ગઇ હતી અને માથે જતાં જો દર મહિને પોતાને પચાસ હજાર રૂપિયા નહિ આપે તો બળાત્કારની ફરિયાદ કરશે તેવી ધમકી આપતાં યુવાન ફફડી ગયો હતો અને હિમ્મત કરી પોલીસ પાસે જતાં પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

ચોંકાવનારી અને લાલબત્તી સમાન આ ઘટના સુરતની છે. અહિ ઓનલાઈન મેટ્રિમોનિયલ સાઇટ શાદી ડોટ કોમ દ્વારા જીવનસાથીની શોધમાં રહેલા એક યુવક સાથે મુંબઈના એક પરિવારે સોનિયોજિત રીતે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી છે. લગ્નના માત્ર દસ દિવસમાં પત્ની દાગીના લઈ પિયર ભાગી ગઈ હતી અને હવે પતિને બળાત્કારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ખંડણી માંગવામાં આવી રહી છે. આ મામલે ઉત્રાણ પોલીસે પત્ની સહિત પરિવારના ચાર સભ્યો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી હતી.

પોલીસ સુત્રોએ વધુ માહિતી આપતા કહ્યું કે મુળ ભાવનગરના અને સુરતમાં



એમ્બ્રોઈડરી સુપરવાઈઝર તરીકે કામ કરતા એકતાલીસ વર્ષીય ઉમેશભાઈ ધોળકીયાનો સંપર્ક ઓગસ્ટ ૨૦૨૫માં મુંબઈની અર્ચના માહાનંદ સાથે થયો હતો. અર્ચનાએ શરૂઆતથી જ અલગ રહેવાની શરત મૂકી હતી, જે પરિવારે સ્વીકારી હતી. બાદ નિર્ધારિત લગ્ન વિધિ સમયે જ અર્ચનાના પરિવારે અસલી રૂપ બતાવ્યું હતું. તેમણે લગ્ન ખર્ચના બહાને ત્રણ લાખની માંગણી કરી હતી. જેના કારણે આબરૂ બચાવવા ઉમેશભાઈએ બે લાખ રોકડા ચુકવ્યા હતાં.

ત્યાર પછી લગ્ન બાદ અર્ચના માત્ર દસ દિવસ સાસરીયામાં રહી હતી. આ દરમિયાન તેણે શંકાસ્પદ વર્તન ચાલુ રાખ્યું હતું અને બાદમાં ચૌદમી ફેબ્રુઆરી રોજ મુંબઈ જવાનું કહી નીકળી ગઈ હતી. જતી વખતે તે સાસરી પક્ષ દ્વારા આપવામાં આવેલ સોના-ચાંદીના દાગીના સહિત કુલ ત્રણ લાખ ત્રાણુ હજારની મત્તા પોતાની સાથે લેતી ગઈ હતી. જ્યારે ઉમેશભાઈ પત્નિને તેડવા મુંબઈ ગયા.

ત્યારે અને તેની બહેન વૈભવીએ ધમકીઓ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે જો છૂટાછેડાની વાત કરશો તો બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દઈશું. આ ઉપરાંત દર મહિને પચાસ હજારની માંગણી પણ કરવામાં આવી હતી.છેતરપિંડી અને ધમકીથી કંટાળી ઉમેશભાઈએ પોલીસનો આશરો લીધો હતો.

ઉત્રાણ પોલીસે અર્ચના, કપૂરચંદ, આશાબેન અને વૈભવી વિરૂધ્ધ અલગ અલગ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. હાલ પીએસઆઇ ડી.ડી. રાઠોડ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે. આ ઘટના ઓનલાઈન મેટ્રિમોનિયલ સાઈટ્સના માધ્યમથી થતી છેતરપિંડી અંગે લાલબત્તી સમાન કિસ્સો છે. અગાઉ પણ આવી અનેક ઘટનાઓમાં બની છે જેમાં અનેક લૂંટરી દૂલ્હનોની ટોળકીઓ યુવાનોને છેતરી ગઇ હતી.

ત્યાં વધુ એક આવી ઘટનામાં યુવાન શિકાર બની ગયો છે. આ પ્રકારે ગમે તેની સાથે સંપર્ક કરી લગ્ન સુધી પહોંચતા પહેલા અનેક વખત તપાસ કરી પછી જ આગળ વધવું જોઇએ. અન્યથા આ કિસ્સામાં જેમ બન્યું તેમ છેતરપીંડીનો ભોગ બનવું પડતું હોય છે.

બકાલુ લેવા નીકળેલા માજીને 'અમારી પાસે ચોરીના પૈસા છે તે અમારી બહેન લેતી નથી, તમે વડીલ તરીકે સમજાવો' કહીને ભોળવ્યા

# વૃધ્ધાને છેતરી ત્રણ ઠગ મહિલા દાગીના ઉતરાવી ગઈ

## ડોસીમાને પોટલુ વાળીને રૂમાલ આપ્યોઃ તે બાદમાં ખોલીને જોતાં કાગળના બંડલો અને પ્લાસ્ટીકની બંગડીઓ નીકળીઃ બીજી તરફ ઈ-ચલણના નામે ફ્રોડ કરી ક્રેડીટ કાર્ડના બીલ ચુકવવાનું કારસ્તાનઃ ઠગ ઝડપાયો

રાજકોટ,તા.૬

ઓનલાઇન તો ઠીક ઓફલાઇન ગઠીયાઓ પણ પોતાની જાળમાં ગમે તેને ફસાવીને છેતરી રહ્યા છે. જેમાં મોટે ભાગે સિનીયર સિટીઝન કે મહિલાઓ વધુ શિકાર બને છે. એક વૃધ્ધાધને ત્રણ મહિલા આ રીતે છેતરી ગઇ છે. આ મહિલાઓએ વૃધ્ધાને આંતરીને વાતો કરી હતી કે અમારે બિહાર જવું છે, અમારી પાસે ચોરીના પૈસા છે જે અમારી બહેન લેવાની ના પાડે છે. તમે વડીલ તરીકે સમજાવો કહીને વૃધ્ધાને વાતોમાં ભોળવી પછી પાંચસો-પાંચસોની નોટોના બંડલ થેલીમાં છે તેમ કહી એકાદ બંડલ બતાવી બાદમાં તેની પાસેના પોણા ત્રણ લાખના દાગીના ઉતરાવી આ ઠગ મહિલાઓ ભાગી ગઇ હતી. બીજી ઠગાઇમાં ઇ-ચલણના નામે છેતરપીંડી કરી તે પૈસાથી ક્રેડીટ કાર્ડના બીલ ભરવાનું કારસ્તાન ખુલ્યું છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમદાવાદ રામોલમાં એક વૃધ્ધાને છેતરી લેવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં રામોલમાં રહેતા વૃદ્ધાને ત્રણ મહિલાએ મારી બેહનને બિહાર જવું છે પણ અમારી પાસે ચોરીના રૂપિયા છે તે લેવાની ના પાડે છે. તમે વડીલ છો સમજાવો કહીને વૃદ્ધાને વાતોમાં ભોળવીને તેમની પાસેના રૂપિયા ૨.૭૫ લાખ દાગીના ઉતરાવી દીધા હતા. ત્યારબાદ થેલીમાં ૫૦૦ના બંડલ હોવાની વાત કરીને ૫૦૦ની નોટ બતાવીને થેલીમાં બંડલ તથા સોનાની બંગડીઓ હોવાનું કહીને ઠગાઇ કરીને નાસી ગઇ હતી.

વધુ માહિતી અનુસાર વસ્ત્રાલમાં રહેતા વૃદ્ધાએ રામોલ પોલીસ સ્ટેશનમાં ત્રણ અજાણી મહિલા સામે ફરિયાદ નોંધાવી છે કે પોતે શાક માર્કેટમાંથી શાકભાજી લઈને ઘરે પરત આવતા હતા. ત્યારે ત્રણ અજાણી મહિલાઓએ બુમ મારીને ઉભા રાખ્યા હતા અને અમારા શેઠના ત્યાંથી રોકડા રૂપિયાની ચોરી કરીને લાવ્યા છે અને મારી બહેનને બિહાર જવાનું છે, અમે તેને રૂપિયા ૫ હજાર આપીએ છીએ પરંતુ તે



લેવાની ના પાડે છે, તમે વડીલ છો તો તેને સમજાવોને કહીને વૃદ્ધાને જાળમાં ફસાવી હતી. ફરિયાદી વૃદ્ધાને રતનપુરા ગામ પાસે લઇ જતા એક મહિલા ઉભેલી હતી. જ્યાં કાપડની થેલીમાંથી ૫૦૦ની નોટ કાઢીને વૃદ્ધાને બતાવી અને કહ્યું કે આ બંડલ તમે તમારી પાસે રાખો જેથી મારી બહેનને વિશ્વાસ આવી જશે અને તમે પહેરેલા દાગીના થોડીવાર માટે મને આપો હું દાગીના મારી બહેનને બતાવીશ અને કહીશ આ દાગીના મેં ખરીદેલા છે.

આવુ કરવાથી જ મારી બહેન મારી પાસેથી રૂપિયા લેશે તેવી વાત કરતાં વૃધ્ધા ભોળવાઇ ગયા હતાં અને મદદ કરવા જતાં છેતરાઇ ગયા હતાં. ત્રણ મહિલાઓએ વૃદ્ધા સાથે વિશ્વાસ કેળવ્યો હતો. ત્રણમાંથી એક મહિલા પાછી આવી અને મારી બહેન રૂપિયા લેવા માટે માની ગઈ છે. મહિલાએ વૃદ્ધાના રૂપિયા ૨.૭૫ લાખના દાગીના અન્ય મહિલાઓને આપ્યા બાદ મહિલા પાછી આવીને ફરિયાદીને એક રૂમાલ બાંધેલું બંડલ આપ્યું અને કહ્યું કે આમા તમારા દાગીના છે કહીને હું મારી બહેનોને વળાવીને આવું કહીને મહિલા ટોળકી ફરાર થઇ ગઈ હતી. વૃદ્ધાએ થેલી ખોલીને જોતા તેમાંથી કાગળાના બંડલ તથા પ્લાસ્ટીકની બંગડીઓ નીકળી હતી. આમ વૃધ્ધા છેતરાઇ ગયા હતાં.

બીજી ઠગાઇની ઘટના પર નજર કરીએ તો અમદાવાદમાં આરટીઓ ઈ ચલણના નામે એપીકે ફાઈલ મોકલીને ફોન હેક કરીને રૂ.૩૧.૪૨ લાખ પડાવી લેનારા સૂરતના આરોપીની સાઈબર ક્રાઈમે ધરપકડ કરી હતી. આરોપી તેના ક્રેડિટ કાર્ડ મિત્રો અને પરિચિતોને દસ ટકા કમિશનથી વાપરવા માટે આપતો હતો. જ્યારે તે ક્રિડેટ કાર્ડના બીલ આરોપી છેતરપીંડીના પૈસાથી ભરતો હતો. જ્યારે મિત્ર પાસેથી કાર્ડના બીલના પૈસા ઓનલાઈન અથવા તો રોકડા લઈ લેતો હતો. ચાલુ વર્ષની શરૂઆતમાં જ એક વ્યકિતને આરટીઓ ઈ ચલણના નામે એપીકે ફાઈલ આવી હતી. જો કે આરટીઓનું ચલણ હોવાનું માનીને તેમણે ફાઈલ ડાઉન લોડ કરીને ઓપન કરતાની સાથે જ તેમના એકાઉન્ટમાંથી જુદા જુદા ટ્રાન્જેકશનથી રૂ.૩૧.૪૨ લાખ ઉપડી ગયા હતા.

આ અંગે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવવામાં આવતા પીઆઈ એ.ડી. ચાવડાની ટીમે તપાસ શરૂ કરી હતી. જેમાં પોલીસને જાણવા મળ્યું હતુ કે છેતરપીંડીના આ પૈસામાંથી ક્રેડિટ કાર્ડનું રૂ.૫ લાખનું બિલ ભરવામાં આવ્યુ હતુ. જેના આધારે પોલીસે કાર્ડ હોલ્ડરની તપાસ કરતા સૂરતના ઘનશ્યામ ભૂપતભાઈ બારૈયાની ધરપકડ કરી હતી. ઘનશ્યામની પ્રાથમિક પૂછપરછમાં જ પોલીસને જાણવા મળ્યું હતુ કે તેણે ૩ મહિનામાં તેના નામના ૫ ક્રેડિટ કાર્ડના રૂ.૨૮ લાખના બીલ ભર્યા હતા. જો કે આ ૨૮ લાખ રૂપિયામાંથી કોણે ક્યાંથી કઈ વસ્તુઓ ખરીદી હતી. તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. જેના માટે પોલીસે બેંક પાસેથી ક્રેડિટ કાર્ડના બીલના ટ્રાન્જેકશનની માહિતી મંગાવી છે. પોલીસનું કહેવુ છે કે આ પૈસામાંથી જે બિલ ભરવામાં આવ્યા હતા. તેમાંથી મોટા ભાગે એસી, ફ્રીઝ, ટીવી, મોબાઈલ ફોન, લેપટોપ, આઈપેડ જેવી વસ્તુઓ ખરીદી હતી!

---

વિદેશ જઇ સ્થાયી થવું તેમાં ખોટુ નથી, પણ ખોટા એજન્ટોથી આઘા રહેજો

# વિઝાના નામે યુવાનને આઠ લાખનો ચૂનો

રાજકોટ,તા.૬

વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે ઠગાઈની સતત બની રહેલી ઘટના વચ્ચે વધુ એક યુવાનના આઠ લાખ ગયા છે. આ યુવાનને ન્યુઝિલેન્ડના વિઝા લેવાન ાહોઇ તેણે સોશિયલ મિડીયા પર જાહેરાત વાંચીને એક કહેવાતા એજન્ટનો સંપર્ક કરી બાદમાં તેની ઓફિસે જઇ વાતચીત કર્યા બાદ રકમ ચુકવી દીધી હતી. આ એજન્ટે તેને ભોળવીને એવુ કહ્યું હતું કે ન્યુઝિલેન્ડ જવું હોય તો એ પહેલા એક મહિનો દુબઇ રહેવું પડે. આમ કરી આઠ લાખ લઇ લીધા હતાં અને દુબઇ મોકલી દીધો હતો. તે ત્યાં એકાદ મહિનો રોકાયો હતો. પરંતુ ન્યુઝિલેન્ડના વિઝા ન આવતાં શંકા ઉપજતાં તે પરત ભારત આવ્યો હતો અને કહેવાતા એજન્ટને ત્યાં જઇ તપાસ કરતાં પોતે છેતરાઇ ગયાની ખબર પડી હતી.

અનેક યુવાનો, પરિવારો વિદેશમાં સ્થાયી થવાના કે ત્યાં જઇ સારા નોકરી ધંધા કરવાના સપના જોતાં હોય છે. આ માટે તેઓ ગમે તે કરવા પણ તૈયાર હોય છે. વિદેશના વર્ક પરમીટના વિઝા કરી દેવાના નામે છેતરી રહેલા ગઠીયાઓએ રાજ્યભરમાં જાળ બીછાવી છે. ઠેકઠેકાણે આ પ્રકારની ઠગાઇ થઇ રહી છે. આ વચ્ચે વડોદરાનો એક યુવાન છેતરાઇ ગયો છે. જેમાં વિઝાના નામે આઠ લાખ ઉઘરાવી વિઝા કન્સલટન્ટ ગાયબ થઇ ગયો છે. સયાજીગંજ વિસ્તારના ફરાર થઇ ગયેલા વિઝા કન્સલટન્ટ સામે વધુ એક ફરિયાદ નોંધાઇ છે.જેમાં તેણે એક યુવકને ન્યુઝિલેન્ડ મોકલવાના નામે લાખો ઉસેડી લીધા હતાં.

વધુ માહિતી પર નજર કરીએ તો ઝાના બ્રાહ્મણ વાડી વિસ્તારમાં રહેતા ચિરાગ પટેલે પોલીસને કહ્યું છે કે મારે ન્યુઝિલેન્ડ જવું હોવાથી સોશ્યલ મીડિયાના માધ્યમથી વડોદરાના સયાજીગંજ વિસ્તારના ફિનિક્સ કોમ્પ્લેક્સમાં વી વર્લ્ડ વિઝાના નામે બીએચ કોમ્પ્લેક્સ એલ એન્ડ ટી સર્કલ પાસે, કારેલીબાગ નજીક ઓફિસ ધરાવતા વિરલ દિનેશભાઇ શાહનો સંપર્ક કર્યો હતો. વિઝા એજન્ટે મને દુબઇ એક મહિનો રહેવું પડશે અને ત્યાંથી ન્યુઝિલેન્ડની ફાઇલ મુકી વિઝા અપાવવાની ખાતરી આપી હતી. જે બદલ આઠ  લાખ લીધા હતા. ત્યારપછી એક મહિનો દુબઇ રહ્યો હતો પણ ત્યાંથી વિરલ શાહે મને પાછો ભારત બોલાવી લીધો હતો.

ત્યારપછી તેણે જુદાજુદા બહાના કાઢ્યા હતા.પરંતુ વિઝા મળ્યા નહતા.તેના ચેક પણ બાઉન્સ થયા હતા.જેથી પોલીસે ગુનો નોંધ્યો હતો. નોંધનીય છે કે,એક સપ્તાહ  પહેલાં પણ વિરલ શાહ સામે એક યુવકને રશિયા મોકલવાના નામે  રૂપિયા દોઢ લાખ પડાવ્યા હોવાની ફરિયાદ નોંધાઇ હતી. હજુ વધુ આવા ઠગાઇના કરતૂતો બહાર આવવાની શક્યતા છે. રાજકોટમાં રોજબરોજ કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં આ પ્રકારની ઠગાઈની એફઆઈઆર દાખલ થતી જ રહે છે. લેભાગુ એજન્ટો વર્ક પરમીટ વિઝાના નામે આંબા આંબલી દેખાડી ઠગાઇ કરતાં રહે છે. આમ છતાં લોકો જાગૃત થતાં નથી અને તેના કારણે ગઠીયાઓ સરળતાથી શિકાર કરી રહ્યા છે. આ કિસ્સામાં



**લેભાગુ એજન્ટે કહ્યું-આ વિઝા માટે એક મહિનો દુબઇ રોકાવું પડેઃ યુવાને એમ કર્યુ પણ પછી વિઝા જ ન આવતાં દુઃખી મને પાછા ફરવું પડ્યુંઃ એજન્ટની બીજી કરતૂત પણ બહાર આવી**

પણ લેભાગુ એજન્ટે બે લોકોને છેતર્યાનું હાલ સામે આવ્યું છે. તે પકડાયા બાદ વધુ તેના આવા કારસ્તાન ખુલવાની શક્યતા નકારી શકાતી નથી.

વિદેશ જઇ સ્થાથી થવું નોકરી ધંધો કરવો તેમાં ખોટુ નથી. અનેક યુવાનો પોતાના આવા સપના સાકાર પણ કરી ચુક્યા છે. પરંતુ વિદેશની ઘેલછામાં ગમે તેવા એજન્ટોને મરણમુડી સમાન રકમ કે પછી ઉછીની ઉધારની લીધેલી રકમ ધરી દઇ પછી પસ્તાવો કરવો યોગ્ય નથી. પહેલેથી જ યોગ્ય માન્ય એજન્ટનો સંપર્ક કરી તેના વિશે પુરી તપાસ કર્યા બાદ જ જરૂરીયાત મુજબ નાણા ચુકવવા જોઇએ. આંધળુકીયા કરી એકસામટા લાખો રૂપિયા ધરી દેનારા અનેક લોકો છેતરાઇ ગયા છે. જેમાં આ વધુ એક યુવાને આઠ લાખ ગુમાવી દીધા છે.

---

# દામ્પત્ય જીવનનો ડખ્ખો વકર્યોઃ છુટાછેડાની સલાહ લેનાર મહિલાનો પતિએ હાથ ભાંગ્યો

## ગોકુલધામ ક્વાર્ટરની ઘટનાઃ અગાઉ સમાધાન કરનાર મહિલાને પતિએ હોસ્પિટલના ખાટલે પહોંચાડી દીધી

રાજકોટ,તા.૬

દામ્પત્ય જીવનમાં ચાલતાં ડખ્ખાને કારણે મારામારીની વધુ એક ઘટના બની છે. જેમાં  શહેરના કૃષ્ણનગર મેઈન રોડ પર આવેલા ગોકુલધામ આવાસ યોજનાના ક્વાર્ટરમાં  રહેતાં હાર્દિક  સોલંકીએ વધુ એક વખત ઘરમાં ડખ્ખો કર્યો છે. થોડા દિવસો પહેલા આ શખ્સ વિરૂધ્ધ તેની જ દિકરીએ ફરિયાદ કરી હતી. હવે તેણે છુટાછેડાની સલાહ લેવા વકિલ પાસે ગયેલી પત્નિને બેફામ માર મારી હાથ ભાંગી નાંખ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો માલવીયાનગર પોલીસે ગોકુલધામ આવાસ ક્વાર્ટર બ્લોક નં. ૧૯, ક્વાર્ટર નં. ૧૫૨૩માં રહેતાં ચુમાલીસ વર્ષના જયશ્રીબેન હાર્દિકભાઇ સોલંકીની ફરિયાદ પરથી તેણીના પતિ હાર્દિક હરેશભાઇ સોલંકી વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ફરિયાદ મુજબ જયશ્રીબેનને ચાર મહિના પહેલા પતિ સાથે ઝઘડો થતા તેઓ પોતાની મોટી દીકરી સાથે મુંબઈ રહેવા જતા રહ્યા હતા. તે સમયે તેમણે પતિથી છૂટાછેડા લેવા માટે વકીલની સલાહ લીધી હતી. પણ પખવાડીયા દિવસ પહેલા જ્ઞાતિના આગેવાનો અને પરિવાર દ્વારા સમાધાન થતા તેઓ પરત રાજકોટ ઘરે આવ્યા હતા. દરમિયાન સોમવારે ચોથી તારીખના રોજ સાંજે જ્યારે પતિ હાર્દિકભાઈ ઘરે આવ્યા, ત્યારે તેમને ખબર પડી કે પત્નિએ અગાઉ છૂટાછેડા માટે વકીલનો સંપર્ક કર્યો હતો. તેથી આ વાતનો ખાર રાખી ગાળાગાળી શરૂ કરી હતી.

પત્નિએ ગાળો બોલવાની ના પાડતા પતિએ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. બાદમાં પતિએ હાથમાં પહેરેલી લક્કી



વડે જયશ્રીબેનના માથામાં જમણી બાજુ -હાર કરતા લોહીલુહાણ હાલતમાં તેઓ બેભાન જેવા થઈ ગયા હતા. વધુમાં પતિએ પાટું મારતા જયશ્રીબેનના જમણા હાથમાં ગંભીર ઈજા થઈ હતી. બૂમાબૂમ થતા નાની દીકરી પ્રિયંકાએ પડોશી ભરતભાઈ બોળીયાને બોલાવ્યા હતા, જેમણે વચ્ચે પડી જયશ્રીબેનને છોડાવ્યા હતા. ઈજાગ્રસ્ત હાલતમાં તેમને તાત્કાલિક દોશી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં માથામાં ત્રણ ટાંકા આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટ બીજી હોસ્પિટલમાં લઇ જવાયા હતાં. જ્યાં નિદાન થયું કે તેમના જમણા હાથમાં ફ્રેક્ચર હોવાથી ઓપરેશન કરવું પડ્યું છે. આ મામલે જયશ્રીબેને હોસ્પિટલના બિછાનેથી જ પોતાના પતિ વિરૂધ્ધ ફરિયાદ કરતાં ઈન્પસકેટર જે. એમ.  કૈલાના માર્ગદર્શનમાં હેડકોન્સ. એસ. સી. ઓગણીયાએ એફઆઈઆર દાખલ કરી હતી.

---

સોશિયલ મિડીયાનો સાચો-સારો ઉપયોગ વાજબી, ખોટુ થાય તો ડખ્ખા થાય

# સમાજની પોસ્ટ મુકવા મામલે યુવાનના હાથ-પગ ભાંગ્યા

## વીરપુર પંથકનો શખ્સ ખોટી પોસ્ટ મુકતો હોઇ મુળ વીજપડીનો યુવાન સમજાવવાની વાત કરવા જતાં જેની સાથે ડખ્ખે હતો તેણે માણસો મોકલી હુમલો કરાવ્યોઃ યુવાનના કુટુંબી ભાઇને પણ ઈજા

રાજકોટ,તા.૬

સોશિયલ મિડીયાનો સારો અને સાચ્ચો ઉપયોગ કરીને લોકો નામના મેળવી શકે છે અને સાથે સાથે દામ પણ મેળવે છે એટલે કે કમાણી પણ કરે છે. પરંતુ ઘણીવાર આવા માધ્યમનો ખોટો ઉપયોગ થાય તો વાત ડખ્ખા સુધી પહોંચે છે. આવા જ એક કારણોસર મારામારી થઇ છે. જેમાં ગોંડલના જામવાડી પાસે મુળ વીજપડીના અને હાલ સુરત રહેતાં યુવાન પર પાંચ શખ્સોએ ધોકાવાળી કરી તેના હાથ-પગ ભાંગી નાંખ્યા છે. તો તેના કુટુંબી ભાઇને પણ માર માર્યો હતો. સમાજ વિશે સોશિયલ મિડીયામાં પોસ્ટ મુકવા મામલે આ બટાઝટી બોલી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો મુળ સાવરકુંડલાના વીજપડીના વતની અને હાલ સુરત રહી ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં યુવાનને જેતપુરના વિરપુરમાં રહેતાં પોતાના જ સમાજના યુવાન સાથે સોશિયલ મિડીયામાં સમાજને લગતા વિડીયો મુકવા મામલે માથાકુટ ચાલતી હોઇ આ યુવાનને બુધવારે સાવરકુંડલા કોર્ટમાં અગાઉની તારીખ હોઇ તે જસદણના ઇશ્વરીયા ગામે કુટુંબીના ઘરે આવ્યા બાદ વિરપુરના શખ્સ સાથે સમાધાનની વાત કરવા જામવાડી પાસે  ગયા હતાં. પણ જેની સાથે વાત કરવાની હતી તે શખ્સને બદલે પાંચેક અજાણ્યા શખ્સોએ આવી ધોકાવાળી કરી આ યુવાનના હાથ-પગ ભાંગી નાંખ્યા હતાં.

વધુ માહિતી અનુસાર સુરત રહેતો મુળ વિજપડીનો વતની દેવીપુજક દીપકભાઇ ગોરધનભાઇ ચુડાસમા કે જેની ઉમર ચાલીસ વર્ષન છે તે અને જસદણના ઇશ્વરીયા ગામે રહેતો તેનો કુટુંબી ભાઇ ચોલીસ વર્ષનો ગોપાલભાઇ વિનુભાઇ ચુડાસમા રાતે ગોંડલની જામવાડી ચોકડી નજીકની હોટલ પાસે ચા-પાણી પીવા ઉભા હતાં ત્યારે પાંચેક





અજાણ્યા શખ્સોએ અચાનક ધોકા સાથે આવી હુમલો કરી દેતાં ગોપાલભાઇને પહેલા ઘા ફટકારતાં તે પડી ગયા બાદ દીપકભાઇ ઉપર આ શખ્સોએ હુમલો કરી બેફામ માર મારતાં દેકારો મચી ગયો હતો.

આ બટાઝટીને કારણે લોકો ભેગા થઇ જતાં આ હુમલાખોરો ભાગી ગયા હતાં. ઘાયલ થયેલા દીપકભાઇ અને ગોપાલભાઇને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં અહિ ગોપાલભાઇને પ્રાથમિક સારવાર અપાઇ હતી અને દીપકભાઇને દાખલ કરાયા હતાં. બનાવની જાણ થતાં ગોંડલ બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઇ સુભાષભાઇ વી. ડાંગર સહિતે રાજકોટ પહોંચી ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી હતી. ગોપાલભાઇ ચુડાસમાએ જણાવ્યું હતું કે હુમલામાં તેના કુટુંબી ભાઇ દીપકભાઇ ચુડાસમાના બંને હાથ-પગ ભાંગી ગયા છે. દીપકભાઇ મુળ વીજપડીના વતની છે. હાલ તેઓ સુરત રહી ડ્રાઇવીંગ કરે છે.

તેણે વધુમાં કહ્યું કે  બુધવારે દીપકભાઇને જુના કેસમાં સાવરકુંડલા કોર્ટમાં તારીખ હોવાથી તે ગઇકાલે સુરતથી ઇશ્વરીયા મારા ઘરે આવ્યા હતાં. આ દરમિયાન દીપકભાઇને વીરપુરના આર. સી. સોલંકી સાથે સોશિયલ મિડીયામાં પોતાના દેવીપૂજક સમાજને લગતાં વિડીયો મુકવા મામલે માથાકુટ ચાલતી હોઇ ચા-પાણી પી સમાધાન કરી લેવાનું નક્કી કર્યુ હતું. આ પછી હું અને દીપકભાઇ કાર મારફત ગોંડલ ખાતે સમાધાનની વાત કરવા માટે ગયા હતાં. પરંતુ જેની સાથે વાત કરવાની હતી અને ચા-પાણી પીવાના હતાં તે ન આવતાં અમે કાર મારફત પાછા વળતાં હતાં.

આ વખતે જામવાડી નજીક હોટલ પાસે ચા-પાણી પીવા ઉભા રહ્યાં ત્યાં અચાનક પાંચેક શખ્સો ધોકા સાથે ધસી આવ્યા હતાં. જેમાં મને પહેલા ફટકા મારતાં હું પડી ગયા બાદ દીપકભાઇ પર આ શખ્સો હુમલો કરી આડેધડ ઘા ફટકારી ભાગી ગયા હતાં. બાદમાં મેં દીપકભાઇને રાજકોટ હોસ્પિટલમાં ખસેડી પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં ગોપાલભાઇએ કહ્યું હતું. ગોંડલ બી-ડિવીઝન પીએસઆઇ સુભાષભાઇ વી. ડાંગર અને ટીમે ગુનો દાખલ કરવા તજવીજ કરી હતી. આ ઘટનાને પગલે સોશિયલ મિડીયામા આડીઅવળી પોસ્ટ મુકનારાઓમાં ચર્ચા જાગી છે.

# રાજકોટ જિલ્લાનું ૮૮.૧૧ ટકા, શહેરનું ૮૯.૧૪ ટકા પરિણામ

### ૩૯,૪૫૯ વિદ્યાર્થીઓમાંથી ૪૨૬૨ વિદ્યાર્થીઓને એ૧ ગ્રેડ, ૭૨૯૬ને એ૨ ગ્રેડ : ૧૦૦ ટકા પરિણામ ધરાવતી ૧૩૦ શાળા, જ્યારે ૩૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી ૯ શાળા અને ત્રણ શાળા એવી જેનું પરિણામ ''શૂન્ય''



## રાજ્યમાં ૧૦૦ ટકા પરિણામ મેળવતી ૧૬૯૭ શાળા

ધોરણ ૧૦ ગુજરાત બોર્ડનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે જેમાં સો ટકા પરિણામ ધરાવતી ૧૬૯૭ શાળામાં નોંધાય છે. જેમાં શૂન્ય ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૩૯ છે.

## ધોરણ ૧૦મા કુમારીઓએ માર્યું મેદાન

ધોરણ ૧૦નું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે અને ફરી એક વખત વિદ્યાર્થીનીઓએ પરીક્ષાના પરિણામમાં મેદાનમાં રહ્યું છે હાલ ગુજરાત બોર્ડ દ્વારા જે આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે તેમાં ૮૮.૨૮% પરીણામ કુમારીઓનું આવ્યું છે જ્યારે કુમારનું પરિણામ ૮૦.૧૨% આવ્યું છે

## સીસીટીવી આધારે ૨૩૩ ગેરરીતિના કેસ

દરેક પરીક્ષામાં ખાસ સ્થાનિક પ્રશાસન અને શિક્ષણ વિભાગ દ્વારા એ વાતની તકેદારી રાખવામાં આવતી હોય છે કે ગેરરીતીના કેસ ખુબ ઓછા નોંધાય પરંતુ આ વખતે ૨૩૩ કેસ નોંધાયા છે. જે માટે ખાસ વિશેષ તકેદારી શિક્ષણ વિભાગ દ્વારા આગામી બોર્ડ પરીક્ષામાં રાખવામાં આવશે તે માટેનું માઈક્રો પ્લાનિંગ હાથ ધરવામાં આવશે તેવું શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકો કહી રહ્યા છે.

રાજકોટ, તા. ૬

ગુજરાત માધ્યમિક બોર્ડ દ્વારા ધોરણ ૧૦ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે . જેમાં રાજકોટ શહેરનું પરિણામ ૮૯.૧૯% તથા જિલ્લાનું પરિણામ ૮૮.૧૧% પરિણામ નોંધાયું છે. જે ગત વર્ષની સાપેક્ષમાં ૦.૯૫ ટકા પરિણામ વધુ નોંધાયું છે. વિવિધ શાળાઓ માં વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પરિણામના પગલે હરખની હેલી જોવા મળી અને વિદ્યાર્થી ઓમાં પણ મને ઉત્સાહ જોવા મળ્યો હતો. રાજકોટની વાત કરવામાં આવે તો શૂન્ય ટકા એટલે કે એક પણ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ માં પાસ ન થયા હોય તેવી ત્રણ શાળા છે, સો ટકા રીઝલ્ટ જે આવ્યું હોય તેવી ૧૩૦ શાળા અને ૩૦ ટકાથી ઓછું પરિણામ આવ્યું હોય તેવી ૯ શાળા નોંધાય છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં ધોરણ ૧૦ ના પરિણામમાં સ્ટાન્ડર્ડ ગણિત વિષયે નવો ઇતિહાસ અને રેકોર્ડ સર્જ્યો છે મળતી માહિતી મુજબ આ વર્ષે સ્ટાન્ડર્ડ ગણિતમાં ૯૯.૬૩ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે જે ખૂબ મોટી વાત છે અને આ તમામ વર્ષના તમામ મુખ્ય વિષયોમાં સૌથી વધુ પરિણામ આવ્યું છે. સ્ટાન્ડર્ડ ગણિત વિષયમાં કુલ ૫૧,૫૬૪ વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી તેમાંથી ૫૧,૫૦૦૬ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને ૫૧,૩૧૬ વિદ્યાર્થીઓએ આ વિષય પાસ કર્યો છે. વિગતવાર ચર્ચા કરવામાં આવે તો સ્ટાન્ડર્ડ ગણિતની ટકાવારી ૯૯.૬૩%, અંગ્રેજી વિષયની ટકાવારી ૯૮.૧૧%, સામાજિક વિજ્ઞાનની ૯૪.૧૫ ટકા, વિજ્ઞાનની ૮૭.૪૮% અને બેઝિક મેથ્સની ૮૪.૮૬% નોંધાઈ છે.

રાજકોટ શહેર અને જિલ્લાનું સરેરાશ પરિણામ ૮૮% થી વધુનું છે કારણ કે શહેરમાં ૮૯.૧૯% અને જિલ્લામાંથી ૮૮.૧૧ ટકા નોંધાયું છે. ક્યારેક એ૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૪૨૬૨, એ૨ ગ્રેડ મેળવનાર ૭૨૯૬ વિદ્યાર્થીઓ, ઇ૧ ગ્રેડ મેળવનાર ૭૫૩૪, ઇ૨ ગ્રેડમાં ૭૧૮૧, ઈ૧ ગ્રેડમાં ૫૭૮૬, ઈ૨ ગ્રેડમાં ૨૬૨૩ અને ઉ ગ્રેડમાં ૧૬૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો. ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યની ૩૯ શાળાઓનું ૦ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ૧૬૯૬ શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. જેમાં રાજકોટ શહેર અને જિલ્લાની વાત કરવામાં આવે તો રાજકોટની ત્રણ શાળાઓનું ૦ ટકા અને ૧૩૦ શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ૯ શાળાઓ એવી છે જેનું ૩૦ ટકાથી પણ ઓછું પરિણામ આવ્યું છે. ગત વર્ષની તુલના પ્રમાણે ૦ ટકા પરિણામ ધરાવતી શાળાની સંખ્યા ચાર માંથી ઘટીને ત્રણ થઈ છે. જ્યારે ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ઘટીને ૧૧ માંથી ૯ થઈ છે. આ ઉપરાંત ગત વર્ષે ૧૨૨ શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. જેમાં નોંધપાત્ર સુધારો થયો છે. અને આ વર્ષે તેની સંખ્યા ૧૩૦ પર પહોંચી છે. એટલે કે, ગત વર્ષ કરતા આ વર્ષે ૮ શાળાઓ એવી છે કે જેનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે.

### ગ્રેડવાઇઝ સિદ્ધિ મેળવનાર ગુજરાતના વિદ્યાર્થીઓ

| | |
|---|---|
| A1- | ૩૫૫૦૮ |
| A2- | ૯૦૮૬૩ |
| B1- | ૧૨૨૧૮૪ |
| B2- | ૧૪૮૨૧૫ |
| C1- | ૧૪૬૬૪૭ |
| C2- | ૮૩૬૨૧ |
| D- | ૭૨૭૮ |

### શહેરનું પરિણામ ૧૨ વિસ્તારોમાં વિભાજિત

| | |
|---|---|
| લક્ષ્મીનગર | ૮૯.૭૮ ટકા |
| રેસકોર્સ | ૯૨.૦૫ ટકા |
| કરણપરા | ૭૪.૮૭ ટકા |
| રણછોડનગર | ૯૦.૦૨ ટકા |
| ભક્તિનગર | ૯૨.૮૮ ટકા |
| માલવિયાનગર | ૯૫.૫૦ ટકા |
| કોઠારીયા | ૯૧.૦૫ ટકા |
| કોટેચાનગર | ૯૧.૨૨ ટકા |
| વૈશાલીનગર | ૯૬.૧૧ ટકા |
| પોપટપરા | ૮૭.૨૭ ટકા |
| બજરંગવાડી | ૮૪.૮૮ ટકા |
| નવા થોરાળા | ૮૪.૬૯ ટકા |



# સાગઠીયા દંપતી પર ફરી ED ત્રાટકશે

### ૨૪.૩૧ કરોડથી વધુની સંપત્તિ મામલે સ્પેશિયલ પીએમએલએ કોર્ટમાં પૂરક ફરિયાદ દાખલ

રાજકોટ, તા. ૬

રાજકોટના ચકચારી અગ્નિકાંડની ચીચીયારી આજે પણ શાંત થઈ નથી. લાંબી તપાસ બાદ મહાનગરપાલિકાના જે ટોચના નેતાઓ છે તેમના વિરુદ્ધ કાયદાકીય પગલાં લેવામાં આવ્યા હતા અને તેમાં ભૂતપૂર્વ તાલુકા ની અધિકારી મનસુખ સાગઠીયાની સંડોગણી ખુલી હતી અને ઈડી સહિતની એજન્સીએ ચોક્કસ પગલાં લીધા હતા. હાલ ભૂતપૂર્વ ટીપીઓ જામીન પર છે ત્યારે ફરી એક વખત મનસુખ સાગઠીયાની મુશ્કેલીમાં વધારો થયો છે. મૂળ આવક કરતા વધુ મિલકત હોવાની વાત સામે આવતા જ ઇન્ફોસમેન્ટ ડિરેક્ટરેટે અપ્રમાણસર મિલકત બદલ ફરિયાદ દાખલ કરી હતી. ઈડીના તપાસમાં એ વાત સામે આવી હતી કે મનસુખ સાગઠીયા પાસે ૨૪.૩૧ કરોડની વધારાની મિલકત હોવાનું માલૂમ પડ્યુ હતુ. હવે આ જ મનસુખ સાગઠિયા હાલમાં જામીન પર મુક્ત છે. આગામી દિવસોમાં ઈડી તેમની સામે વધુ પગલાં લે તેમ મનાય છે. ઘણાનું કહેવું છે કે જો ઈડી બરોબર તપાસ કરે તો તેમની પાસે હજી પણ ઘણી અઘોષિત આવક મળી શકે છે.

મનસુખ સાગઠિયા તેમણે દર્શાવેલી બેદરકારીએ ૨૭ના ભોગ લીધા, રાજકોટ મનપાને કાળી ટીલી લાગી, તેમને લાંચ કાડે રાજકોટ મનપાને બદનામ કર્યુ. તેના બદલામાં તેમની ધરપકડ થઈ અને આજે તે બે કે ત્રણ વર્ષ પછી જામીન પર ખુલ્લેઆમ બહાર ફરતા હતા. સુપ્રીમ કોર્ટે તેમના જામીન ગયા વર્ષે મંજૂર કર્યા હતા. ગયા વર્ષે સુપ્રીમ કોર્ટમાં આરોપી મનસુખ સાગઠિયા વતી, તેમના વકીલે દલીલ કરી હતી કે આ કેસમાં કુલ ૩૬૫ સાક્ષીઓ છે, જેમની તપાસમાં ઘણો સમય લાગી શકે છે. આરોપી છેલ્લા ૧૫ મહિનાથી જેલમાં છે અને આ કેસમાં ટ્રાયલ માત્ર એક મહિના પહેલા જ શરૂ થઈ છે. આ ઉપરાંત, એવી પણ દલીલ કરવામાં આવી હતી કે જો આ કેસમાં સંડોવાયેલા એટીપીને જામીન આપવામાં આવે છે, તો ટીપીઓને પણ જામીન પર મુક્ત કરવા જોઈએ અને આ સાથે, તાજેતરમાં સુપ્રીમ કોર્ટે પોતે દોઢ મહિના પહેલા ઇલેશ ખેરને જામીન પર મુક્ત કર્યા હતા, જે મ્યુનિસિપલ અધિકારી પણ હતા, તો મનસુખ સાગઠિયાને પણ જામીન પર મુક્ત કરવા જોઈએ, જેને સુપ્રીમ કોર્ટે સ્વીકારી છે અને તેમને જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. રાજકોટના નાના માવા રોડ પર સ્થિત ઝઝ્ઝ ગેમ ઝોનમાં આગ લાગવાથી ૨૭ લોકો મૃત્યુ પામ્યા હતા અને ૩ લોકો ઘાયલ થયા હતા, જેના સંદર્ભમાં પોલીસે ફરિયાદી બનીને તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ઘટનામાં કુલ ૧૬ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

### ૧.૬૫ કરોડનો ધુમાડો, છતાં કામગીરીના નામે ''મીંડુ'' : પ્રવર્તમાન કુલપતિ પણ કોન્વોકેશન હોલ મુદ્દે અજાણ

# ૧૯ વર્ષ વીતી ગયા છતાં સૌ. યુનિનો કોન્વોકેશન હોલ ''ખંઢેર''

રાજકોટ, તા. ૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એક નહીં અનેકવિધ પ્રકારની ગેરરીતી આચરવામાં આવતી હોય તેવી એક નહીં અનેક વિગતો સામે આવી છે. ૨૦૦૭માં સી. યુ શાહના દાનથી કોન્વેકશન સેન્ટર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તે પ્રકારની કામગીરી પણ શરૂ કરવામાં આવી હતી. જે માટે ૧.૬૫ કરોડ રૂપિયાનો ધુવાડો પણ કરવામાં આવ્યો હતો ત્યારે હજુ આ કોન્વોકેશન હોલના પાયા જ નખાયા છે અને કામગીરી હજુ પણ અધરકાલ છે જેને ૧૯ વર્ષ જેટલો માતબર સમય પણ વીતી ગયો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંપર્ક સુત્રોના જણાવ્યા અનુસાર હાલ ચોક્કસ કન્સ્ટ્રક્શન કંપનીને કામ આપવામાં આવ્યું હતું પરંતુ તે કામ પરિપૂર્ણ કરી શક્યું ન હતું જેને લઈને કરોડો રૂપિયાનો કૌભાંડ થયો હોય તેવું જાણવા મળ્યું છે અને આક્ષેપો પણ થઈ રહ્યા છે. ભારે વિરોધ વચ્ચે રાજ્ય સરકારે જાહેર હિસાબ સમિતિ ને તપાસ કરવા જણાવ્યું હતું અને તે તપાસને ચાર વર્ષ જેટલો સમય પણ વીતી ગયો છે છતાં પણ આજ દિન સુધી કોઈ નક્કર કામ થઈ શક્યું નથી અને ૧૯ વર્ષ જેટલો માતબર સમય વીતી ગયો હોવા છતાં પણ હાલત ખંઢેર જેવી છે.

૨૦૦૭માં કુલપતિ કમલેશ જોષીપુરાના સમયગાળા દરમિયાન ૩.૨૮ કરોડના ખર્ચે ૬૫૧૯૦ ચોરસ મીટર વિસ્તારમાં વિદ્યાર્થી ઓને પદવી એનાયત માટે કોન્વેકશન હોલ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને તે ના ટેન્ડર પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યા હતા. પરંતુ કોઈ પણ કારણોસર કોન્વેશન હોલ નું નિર્માણ કાર્ય થઈ શક્યું ન હતું . ૧૯ સપ્ટેમ્બર ૨૦૦૮ ના રોજ એસ્ટેટ કમિટીની બેઠક મળી હતી જેમાં એકે ઈન્ટ્રાસ્ટ્રક્ચરને કામ સોંપવામાં આવ્યું હતું.



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના સુત્રોના જણાવ્યા અનુસાર જુલાઈ ૨૦૧૧ થી કામ બંધ છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૦૭માં વિદ્યાર્થીઓ માટે કોન્વોકેશન હોલ બનાવવામાં આવશે એવી જાહેરાત તત્કાલિન કુલપતિ કમલેશ જોશીપુરા દ્વારા પદવીદાન સમારંભ વખતે રાજ્યપાલની હાજરીમાં કરવામાં આવી હતી. યુનિવર્સિટી દ્વારા ટેન્ડર વગર કોન્વોકેશન હોલનું કામ મળતિયા કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યું હતું. આ હોલ કાયદા ભવન પાછળ બનાવવામાં આવશે એવું જાહેર કરાયુ હતું. આ હોલનું ખાતમુહૂર્ત કમલેશ જોશીપુરા અને કલ્પક ત્રિવેદી દ્વારા સંઘ અગ્રણી મજદૂર સંઘના રાષ્ટ્રીય નેતા હસુ દવેના હસ્તે કરાવવામાં આવ્યું હતું.

હાલ પ્રશ્ન છે ઉભો થઈ રહ્યો છે તે એ છે કે આટલો ખસો સમય વીતી ગયો તોપણ કેમ નિર્માણ કાર્ય થયું નહીં અને હાલના કુલપતિ પણ આ વાતથી સંપૂર્ણપણે અજાણ છે તેવું પણ જાણવા મળ્યું છે. આ બાબતે કોંગ્રેસના આગેવાનોએ પણ અનેક વખત રજૂઆત કરી હતી પરંતુ હજુ સુધી કોઈ નક્કર નિર્ણય લેવામાં આવ્યો નથી અને કામગીરી પણ પરિપૂર્ણ થયું નથી. ભાજપ સરકારના કુલપતિ જોશીપુરા દ્વારા ખાતમુહૂર્ત થયું અને ૧૯ વર્ષે ઉદઘાટન તો દૂર, ખંઢેર થયેલ ઈમારત કોઈ જોવા પણ જતું નથી. અનેક કુલપતિ બદલાઈ ગયા છતા પણ હજુ કોન્વોકેશન હોલ ખંઢેર જ છે .

હાલ આ મામલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને વિરોધ પર કયા પ્રકારે પગલાં લેશે તે હવે જોવાનું રહ્યું. ખરેખર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આ બાબતે યોગ્ય તપાસ કરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

સોમનાથ દિવસોમાં આ અંગે યોગ્ય નિર્ણય અથવા તો વ્યવસ્થા ઊભી કરવામાં નહીં આવે તો ઘણા ખરા પ્રશ્નો ઊભા થઈ શકશે. પ્રવર્તમાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ઉત્પલ જોશી પણ આ મુદ્દાથી અજાણ હોવાનું જાહેર થયું છે. ત્યારે આ પ્રકારની એક નહીં અનેકવિધ ગેરરીતિઓ સામે આવી રહી છે ને યોગ્ય વ્યવસ્થા ઊભી કરવામાં નહીં આવે તો યુનિવર્સિટી ની છબી ખરડાઈ છે તેમાં વધારો થશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નું શૈક્ષણિક સ્તર દિન પ્રતિદિન ઘટી રહ્યું છે અને તેઓ એક પણ મહિનો નહીં હોય કે જ્યાં કોઈ પણ પ્રકારની સમસ્યા ઉદભવિત ન થઈ હોય.

ੴ વાહેગુરૂ ੴ

ઋણસ્વીકાર



સ્વ. રજનીબેન ધનરાજભાઈ જેઠાણી (ઉ. 73)

અમારા વિષાદ અને દુઃખની પળોમાં સહભાગી બનીને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, સ્વજનો, સગાસ્નેહીઓ તથા મિત્રવર્ગે અમો શોકસંતપ્ત પરિવારને સાંત્વના આપી તે બદલ અમે તમામના અંતરથી આભારી છીએ. આપના સ્નેહસભર શબ્દોએ આ કપરી ક્ષણોને સહન કરવાનું આત્મબળ પૂરું પાડ્યું.

આ પ્રસંગે ઉપસ્થિત રહી સૌએ દર્શાવેલી આત્મિયતા માટે સમગ્ર જેઠાણી પરિવાર હૃદયપૂર્વક ઋણસ્વીકાર સાથે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

ધનરાજ વાધુમલ જેઠાણી
ચંદ્રેશ ધનરાજ જેઠાણી · વંશિકા ચંદ્રેશ જેઠાણી
અનિલ ધનરાજ જેઠાણી · યાના અનિલ જેઠાણી
પૂનમ વિજય સપરા · વિજય હરીશ સપરા
સુનીતા સુધીર ગુરનાણી · સુધીર જગદીશ ગુરનાણી

દેશ-પરદેશની આજકાલ તથા જેઠાણી પરિવાર